


RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 17
Issue : 323
Dt.: 02-08-2025,
Saturday
Page : 04
Rs.00.50 paisa



EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.
Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


### ચૂંટણી પંચ મતોની ચોરી કરે છે : રાહુલ ગાંધી

## જે પણ અધિકારી સંડોવાયેલા છે તેને છોડીશું નહીં: રાહુલ ગાંધી

**ચૂંટણી પંચ મતોની ચોરી કરાવી રહ્યું છે: અમારી પાસે નક્કર પુરાવા છે, અમે કર્ણાટકમાં આ અંગે ખુલાસો કરીશું: રાહુલ ગાંધીનો ફરીવાર આરોપ**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને લોકસભામાં વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ શુક્રવારે ચૂંટણી પંચ પર ફરી એકવાર મોટો આરોપ મૂક્યો છે કે, ચૂંટણી પંચ મતોની ચોરી કરાવી રહ્યું છે. અમારી પાસે નક્કર પુરાવા છે. અમે કર્ણાટકમાં આ અંગે ખુલાસો કરીશું. રાહુલ ગાંધીએ જણાવ્યું કે, મતોની ચોરીમાં ચૂંટણી પંચ સામેલ છે. અને હું ગંભીરતાપૂર્વક આ વાત કરી રહ્યો છું. હું ૧૦૦ ટકા પુરાવા સાથે આ બોલી રહ્યો છું. આખા દેશને ખબર પડશે કે, ચૂંટણી પંચ મતોની ચોરી કરાવી રહ્યું છે. અને તે કોના માટે કામ કરી રહ્યું છે? ચૂંટણી પંચ ભાજપ માટે આ કામ કરી રહ્યું છે, આ ઓપન એન્ડ શટ છે, તેના પર કોઈ શંકા નથી.

રાહુલ ગાંધીએ કહ્યું કે, અમને મધ્યપ્રદેશમાં શંકા હતી, લોકસભામાં પણ શંકા હતી. મહારાષ્ટ્રમાં અમારી આ શંકા ગાઢ બની. અમને લાગ્યું કે, રાજ્ય સ્તરે મતોની ચોરી થઈ છે. એક કરોડ મતદારો ઉમેરાયા હતા. બાદમાં અમે વિગતો મગાવી. ચૂંટણી પંચે અમારી મદદ ન કરી. તેથી અમારે વધુ ઊંડાણમાં તપાસ કરવી પડી. અમને તપાસમાં છ મહિનાનો સમય લાગ્યો. પરંતુ અમને જે મળ્યું છે તે એટમ બોમ્બ છે. જો તે ફાટશે તો ચૂંટણી પંચ હિન્દુસ્તાનમાં ક્યાંય દેખાશે નહીં.

રાહુલ ગાંધીએ કહ્યું કે, હું ખૂબ જ ગંભીરતાપૂર્વક આ કહી રહ્યો છું, ચૂંટણી પંચમાં બેસીને જે લોકો આ કામ કરી રહ્યા છે, ઉપરથી નીચે સુધી અમે કોઈને છોડીશું નહીં. કારણકે, તમે હિન્દુસ્તાન વિરૂદ્ધ કામ કરી રહ્યા છો. આ રાષ્ટ્રદ્રોહ છે. તમે કોઈપણ હોવ, નિવૃત્ત હોવ કે પછી ક્યાંય પણ હોવ અમે તમને શોધી કાઢીશું. કર્ણાટકમાં તેનો ખુલાસો કરીશું.

રાહુલ ગાંધી સહિત વિપક્ષ છેલ્લા કેટલાક સમયથી ચૂંટણી પંચ પર આક્ષેપો મૂકી રહ્યા છે. રાહુલ ગાંધીએ અગાઉ પણ કહ્યું હતું કે, અમારી સાથે મહારાષ્ટ્ર ચૂંટણીમાં છેતરપિંડી થઈ હતી. અમે ચૂંટણી પંચને સવાલ પૂછ્યો હતો કે, મતદાર યાદી બતાવો, પરંતુ તેમણે બતાવી નહીં. વીડિયોગ્રાફી બતાવવા કહ્યું તો, વીડિયોગ્રાફીનો કાયદો જ બદલી નાખ્યો. મહારાષ્ટ્રમાં એક કરોડ નવા મતદારો આવ્યા હતાં. પરંતુ ત્યાં મતો ચોરી લેવામાં આવ્યા. અમે હાલ કર્ણાટકમાં રિસર્ચ કર્યું છે. ત્યાં ભયંકર ચોરી પકડાઈ છે. અમે ચૂંટણી પંચને બ્લેક એન્ડ વ્હાઈટમાં બતાવીશું કે, તેણે કેવી રીતે અને ક્યાં ચોરી કરી. અમે તેમની ગેમ સમજી ગયા છીએ. અમે એક મત વિસ્તાર પસંદ કરી ઊંડાણપૂર્વક રિસર્ચ કર્યું. અમે તેમની ચોરી કરવાની આખી સિસ્ટમ શોધી કાઢી છે કે, કેવી રીતે ચોરી કરે છે, કોણ મત આપે છે, કોણ કરે છે, નવા મતદારો કેવી રીતે બનાવે છે, વગેરે... તેમણે બિહારમાં આખી સિસ્ટમ નવી રીતે ઘડી કાઢી છે. મતદારોને દૂર કરાશે અને નવેસરથી મતદાર યાદી જાહેર કરાશે. રાહુલ ગાંધીએ કહ્યું કે મધ્યપ્રદેશમાં અમને શંકા હતી, લોકસભા ચૂંટણીમાં અમને શંકા હતી. મહારાષ્ટ્રમાં અમારી શંકાઓ વધુ વધી. રાજ્ય વિધાનસભા ચૂંટણીના સ્તરે, અમને લાગ્યું કે મતોની ચોરી થઈ છે. પછી અમે સંશોધન કર્યું. અમે અમારા સ્તરે તપાસ કરાવી, જેમાં ૬ મહિના લાગ્યા. અમને જે મળ્યું છે તે પરમાણુ બોમ્બ છે. જ્યારે તે ફૂટશે, ત્યારે ચૂંટણી પંચ અહીં દેખાશે નહીં.

રાહુલ ગાંધીએ કહ્યું કે જ્યારે એક કરોડ મતદારો વિધાનસભા ચૂંટણીમાં સામેલ થયા, ત્યારે અમારી શંકાઓ વધુ ઘેરી થઈ અને પછી અમે અમારા સ્તરે તપાસ કરાવી. આ તપાસમાં અમને જે મળ્યું છે તે પરમાણુ બોમ્બ છે. જ્યારે તે ફૂટશે, ત્યારે તમને ચૂંટણી પંચ દેખાશે નહીં.




### અમેરિકા ઈકોનોમીનો હથિયારની જેમ ઉપયોગ કરી રહ્યું છે: ઈરાન

## ઈરાન સાથે વેપાર કરનાર ૬ ભારતીય કંપનીઓ પર અમેરિકાએ પ્રતિબંધ મૂક્યો

**દુનિયાના જુદા જુદા દેશોમાંથી ઈરાન સાથે વેપાર કરનાર ૨૪ કંપનીઓ ઉપર ટ્રમ્પ તંત્રએ પ્રતિબંધ ફરમાવ્યો હતો**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઈરાનને પરમાણુ શસ્ત્રો વિકાસવવામાં મદદરૂપ થતા તમામ સ્ત્રોતને અમેરિકા જડમૂળથી કાપીને દબાણનું રાજકારણ કરી રહ્યું છે. ઈરાનના રસાયણો તથા પેટ્રોલિયમ પ્રોડક્ટ્સમાં વેપાર કરવા બદલ અમેરિકાએ ભારતની ૬ કંપનીઓ ઉપર પ્રતિબંધ મૂક્યો છે. દુનિયાના જુદા જુદા દેશોમાંથી ઈરાન સાથે વેપાર કરનાર ૨૪ કંપનીઓ ઉપર ટ્રમ્પ તંત્રએ પ્રતિબંધ ફરમાવ્યો હતો. ચીનની ૭, યુએઈની ૬, હોંગકોંગની ૪, તુર્કીએ અને રશિયાની ૧-૧ કંપનીઓનો આમાં સમાવેશ થાય છે. અમેરિકાના વિદેશ મંત્રાલયે આ કંપનીઓ પર પ્રતિબંધની જાહેરાત કરી હતી.

મંત્રાલયે જણાવ્યું કે, આ કંપનીઓએ ૨૦૨૪માં રૂ. ૧,૦૦૦ કરોડના ઈરાની મૂળના ઉત્પાદો યુએઈના માર્ગેથી મંગાવ્યા હતા. ઈરાન આ નાણાંનો ઉપયોગ તેના પરમાણુ કાર્યક્રમને આગળ ધપાવવા અને આતંકવાદી ફંડિંગ માટે કરી રહ્યો છે. ૨૦૧૮થી યુએસએ પરમાણુ કાર્યક્રમ આગળ નહીં વધારવાને લઈને ઈરાન પર પ્રતિબંધ મૂક્યો છે.આ પગલાંની ટીકા કરતા ઈરાને જણાવ્યું કે, અમેરિકા પોતાની ઈકોનોમીનો હથિયારની જેમ ઉપયોગ કરી રહ્યું છે. આ પ્રતિબંધો આંતરરાષ્ટ્રીય કાયદા અને દેશોની સંપ્રભુતાનું ઉલ્લંઘન કરે છે. અલકેમિકલ સોલ્યુશન્સ પ્રાઈવેટ લિમિટેડ, ગ્લોબલ ઈન્ડસ્ટ્રિયલ કેમિકલ્સ લિમિટેડ, જ્યુપિટર ડાઈ કેમ પ્રાઈવેટ લિમિટેડ, રમણિકલાલ એસ. ગોસાલિયા એન્ડ કંપની, પર્સિસ્ટેન્ટ પેટ્રોકેમ પ્રાઈવેટ લિમિટેડ, કંચન પોલિમર્સ.

## રશિયાના હુમલામાં કિવમાં ૧૧નાં મોત, ૧૨૪થી વધુ ઘાયલ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

રશિયાએ યુક્રેનની રાજધાની કિવ પર સંખ્યાબંધ મિસાઈલ્સ અને ડ્રોન્સથી મોડી રાત્રે કરેલાં હુમલામાં છ વર્ષના એક બાળક સહિત ઓછામાં ઓછાં ૧૧ જણાના મોત નિપજ્યાં હતાં. જ્યારે ૧૨૪થી વધુ લોકોને ઈજા થઈ હતી.આ હુમલાં અંગે માહિતી આપતાં કિવ સિટીના મિલિટરી એડમિનિસ્ટ્રેશનના વડા તૈમુર કચેન્કોએ જણાવ્યું હતું કે, ઘાયલોમાં ૧૦ બાળકો અને પાંચ મહિનાની એક બાળકી પણ સામેલ છે. હુમલામાં નવ માળની એક રહેણાંક ઈમારત પણ નષ્ટ થઈ ગઈ હતી. યુક્રેન એરફોર્સના જણાવ્યાં અનુસાર, રશિયાએ બુધવારે મોડી રાત્રે કિવ પર ૩૦૯થી વધુ ડ્રોન્સ અને આઠ જેટલાં ઈસ્કંદર કે-ક્રૂઝ મિસાઈલથી ભીષણ હુમલો કર્યો હતો. યુક્રેનની એર ડિફેન્સ સિસ્ટમે ૨૮૮ જેટલાં ડ્રોન્સ અને ત્રણ મિસાઈલ્સને આંતરી તેને નષ્ટ કરી હતી.

### વોટ ચોરીના રાહુલના આરોપો પર ચૂંટણી પંચનો જવાબ

## ચૂંટણી પંચે વિપક્ષ નેતા રાહુલ ગાંધીના આક્ષેપોને પાયાવિહોણા ગણાવ્યા

**ચૂંટણી પંચે પ્રતિક્રિયા આપતાં કહ્યું કે, આ પ્રકારના પાયાવિહોણા આરોપોની અમે અવગણના કરીએ છીએ**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ચૂંટણી પંચે શુક્રવારે વિપક્ષ નેતા રાહુલ ગાંધીના આક્ષેપોને પાયાવિહોણા ગણાવ્યા છે. રાહુલ ગાંધીએ ચૂંટણી પંચ પર મત ચોરી કરી રહ્યું હોવાનો આક્ષેપ કર્યો હતો. જેના પર ચૂંટણી પંચે પ્રતિક્રિયા આપતાં કહ્યું કે, આ પ્રકારના પાયાવિહોણા આરોપોની અમે અવગણના કરીએ છીએ.

ચૂંટણી પંચે નિવેદન જાહેર કરી જણાવ્યું કે, ચૂંટણી પંચ રોજબરોજ થતાં આ પ્રકારના પાયાવિહોણા આરોપોની અવગણના કરે છે. રોજે અમને આવી અનેક ધમકીઓ મળે છે. ચૂંટણી પંચના તમામ અધિકારીઓને આ પ્રકારના બિનજવાબદાર નિવેદનોને અવગણના કરવા સૂચન અપાયું છે. પારદર્શિતા અને નિષ્પક્ષ ધોરણે કામ કરતા રહો. બિહારમાં SIR (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન) હાથ ધરવાની ચૂંટણી પંચની કામગીરીથી કોંગ્રેસ સહિત વિપક્ષ સતત રોષ ઠાલવી રહ્યું છે. તે આ પ્રક્રિયા ભાજપ સાથેની મિલિભગત હેઠળ થઈ રહી હોવાના આરોપો પણ મૂકી રહ્યું છે.

આ સિવાય આજે રાહુલ ગાંધીએ ચૂંટણી પંચ પર ચોંકાવનારો મત ચોરીનો આરોપ મૂક્યો છે. રાહુલ ગાંધીએ જણાવ્યું કે, મતોની ચોરીમાં ચૂંટણી પંચ સામેલ છે. અને હું ગંભીરતાપૂર્વક આ વાત કરી રહ્યો છું. હું ૧૦૦ ટકા પુરાવા સાથે આ બોલી રહ્યો છું. આખા દેશને ખબર પડશે કે, ચૂંટણી પંચ મતોની ચોરી કરાવી રહ્યું છે. અને તે કોના માટે કામ કરી રહ્યું છે? ચૂંટણી પંચ ભાજપ માટે આ કામ કરી રહ્યું છે, આ ઓપન એન્ડ શટ છે, તેમાં કોઈ શંકા નથી. અમને મધ્યપ્રદેશમાં શંકા હતી, લોકસભામાં પણ શંકા હતી. મહારાષ્ટ્રમાં અમારી આ શંકા ગાઢ બની. અમને લાગ્યું કે, રાજ્ય સ્તરે મતોની ચોરી થઈ છે. એક કરોડ મતદારો ઉમેરાયા હતા.

બાદમાં અમે વિગતો મગાવી. ચૂંટણી પંચે અમારી મદદ ન કરી. તેથી અમારે વધુ ઊંડાણમાં તપાસ કરવી પડી. અમને તપાસમાં છ મહિનાનો સમય લાગ્યો. પરંતુ અમને જે મળ્યું છે તે એટમ બોમ્બ છે. જો તે ફાટશે તો ચૂંટણી પંચ હિન્દુસ્તાનમાં ક્યાંય દેખાશે નહીં.

### ૩૦ સપ્ટેમ્બરે ચૂંટણી માટે મતદારોની અંતિમ યાદી જાહેર થશે

## બિહારમાં મતદાર યાદીમાં નામ ઉમેરવા, કમી કરવા એક મહિનો અપાશે: CEC

**બિહાર એસઆઈઆરના મુદ્દે સંસદના ચોમાસુ સત્રમાં વિપક્ષના ભારે હંગામાને પગલે ગૃહની કાર્યવાહી અનેક વખત ખોરવાઈ હતી**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

મુખ્ય ચૂંટણી કમિશનરે ગુરુવારે જણાવ્યું કે, ૧લી ઓગસ્ટે પ્રકાશિત થનાર ડ્રાફ્ટ મતદાર યાદીમાં રાજકીય પક્ષો કે મતદારોને નામ ઉમેરવું કે કમી કરાવવું હશે તો તેમને એક મહિનાનો સમય અપાશે. બિહારમાં નવેમ્બરમાં યોજાનારી વિધાનસભા ચૂંટણીને અનુલક્ષીને હાલમાં મતદાર યાદી સુધારણા સમીક્ષા (એસઆઈઆર) પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

પ્રથમ તબક્કાની કામગીરી પૂર્ણ થઈ ચૂકી છે અને ૭.૨૪ કરોડ મતદારો સાથેની ડ્રાફ્ટ યાદી તૈયાર કરાઈ છે. બિહારમાં કુલ ૭.૯૩ કરોડ નોંધાયેલા મતદારો છે જે પૈકી ૬૫ લાખ મતદારોના નામ હટાવવામાં આવ્યા છે.

શુક્રવારે આ ડ્રાફ્ટ મતદાર યાદી પ્રકાશિત થશે તેમ મતદારોને સંબોધીને એક નિવેદનમાં સીઈસીએ જણાવ્યું હતું. એક માસ સુધી સુધારા વધારા કરાયા બાદ ૩૦ સપ્ટેમ્બરે અંતિમ યાદી જાહેર કરાશે. મુખ્ય ચૂંટણી કમિશનરના મતે જિલ્લા ચૂંટણી અધિકારીઓ (ડીઈઓ) બિહારના તમામ ૩૮ જિલ્લામાં આવેલા બધા માન્ય રાજકીય પક્ષોને ડ્રાફ્ટ યાદીની ફિઝિકલ ઉપરાંત ડિજિટલ કોપી આપશે. ૧લી ઓગસ્ટથી લઈને ૧લી સપ્ટેમ્બર સુધીમાં ડ્રાફ્ટ યાદીમાં રાજકીય પક્ષ અથવા જે તે વિધાનસભા બેઠકનો મતદાર કોઈ વાંધા કે દાવા હશે તો તેને રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી (સીઈઓ) તથા ૨૪૩ ચૂંટણી નોંધણી અધિકારીઓ (ઈઆરઓ) સમક્ષ રજૂ કરી શકશે તેમ જ્ઞાનેશ કુમારે ઉમેર્યુ હતું. ઉલ્લેખનીય છે કે સંસદમાં કોંગ્રેસ સહિતના વિપક્ષ દ્વારા બિહાર મતદાર યાદી સુધારણા સમીક્ષાને લઈને ભારે વિરોધ તથા દેખાવો કરવામાં આવી રહ્યો છે.

આ પ્રક્રિયામાં યોગ્ય નાગરિક પાસેથી દસ્તાવેજના અભાવે મતદાનનો અધિકાર છીનવાઈ જશે તેવો દાવો વિપક્ષ કરી રહ્યો છે. આ ઉપરાંત શાસક ભાજપ-જેડી(યુ) તેમના લાભ માટે ચૂંટણીલક્ષી બિહારમાં સ્થાનિક ચૂંટણી તંત્ર સાથે ગરબડ કરી શકે છે. બિહાર એસઆઈઆરના મુદ્દે સંસદના ચોમાસુ સત્રમાં વિપક્ષના ભારે હંગામાને પગલે ગૃહની કાર્યવાહી અનેક વખત ખોરવાઈ હતી.

## ખાલી ઉપરાષ્ટ્રપતિના પદ માટે ચૂંટણીની જાહેરાત કરવામાં આવી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ચૂંટણી પંચે ભારતના ઉપરાષ્ટ્રપતિ પદ માટે ચૂંટણીનો કાર્યક્રમ જાહેર કર્યો છે. ૨૧મી ઓગસ્ટ સુધી ઉમેદવારી ફોર્મ સ્વીકારવામાં આવશે અને જો જરૂર પડી તો ૯ સપ્ટેમ્બરે મતદાન થશે. મતદાનનો સમય સવારે ૧૦થી સાંજના ૫ વાગ્યા સુધીનો રહેશે. ૯મી સપ્ટેમ્બરે જ પરિણામ પણ જાહેર કરાશે. ૨૧ જુલાઈના રોજ જગદીપ ધનખડના અચાનક રાજીનામા બાદ દેશના બીજુ સર્વોચ્ચ બંધારણીય પદ ખાલી થયુ હતું. ચૂંટણી પંચ દ્વારા જાહેર નોટિફિકેશન અનુસાર, સાત ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ ચૂંટણી પંચ ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટે નોટિફિકેશન જાહેર કરશે. જેમાં ૨૧ ઓગસ્ટ સુધી ઉમેદવારી નોંધાવાની રહેશે. ત્યારબાદ ૨૨ ઓગસ્ટે ઉમેદવારીમાં ફેરફાર થઈ શકશે. ઉમેદવારી પાછી ખેંચવાની તારીખ ૨૫ ઓગસ્ટ નિર્ધારિત કરવામાં આવી છે. ૯ સપ્ટેમ્બરના રોજ સવારે ૧૦થી સાંજે પાંચ વાગ્યા સુધી ચૂંટણી યોજાશે. અને પરિણામ પણ ચૂંટણી પૂર્ણ થયા બાદ તુરંત જાહેર કરવામાં આવશે.

જગદીપ ધનખડે સ્વાસ્થ્યનું કારણ જણાવી ઉપરાષ્ટ્રપતિ પદેથી રાજીનામું આપ્યું હતું. જોકે, તેમનો આ નિર્ણય ચોંકાવનારો હતો. કારણ કે, તેઓ પોતાના ત્રણ વર્ષના કાર્યકાળ દરમિયાન અનેક વિપક્ષી પાર્ટીઓ સાથે વિવાદના કારણે ચર્ચામાં રહ્યા હતા. ચાલુ કાર્યકાળ દરમિયાન રાજીનામું આપનારા ધનખડ ત્રીજા ઉપરાષ્ટ્રપતિ છે. આ પહેલાં ફક્ત વી. પી ગીરી અને આર. વેંકટરમણે ઉપરાષ્ટ્રપતિ પદેથી રાજીનામું આપી દીધુ હતું.

ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીનો કાર્યક્રમ

ચૂંટણી પંચે ચૂંટણી માટે જાહેરનામું બહાર પાડ્યું - ૦૭ ઓગસ્ટ, ૨૦૨૫ (ગુરુવાર)

નોમિનેશન ભરવાની છેલ્લી તારીખ - ૨૧ ઓગસ્ટ, ૨૦૨૫ (ગુરુવાર)

નોમિનેશન ચકાસણીની તારીખ - ૨૨ ઓગસ્ટ, ૨૦૨૫ (શુક્રવાર)

નોમિનેશન પાછા ખેંચવાની છેલ્લી તારીખ - ૨૫ ઓગસ્ટ, ૨૦૨૫ (સોમવાર)

જો જરૂરી હોય તો, કયા દિવસે મતદાન યોજાશે - ૦૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ (મંગળવાર)

મતદાનનો સમય - સવારે ૧૦.૦૦ થી સાંજે ૦૫.૦૦ વાગ્યા સુધી.

જો જરૂરી હોય તો, કયા દિવસે મત ગણતરી યોજાશે તે તારીખ - ૦૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ (મંગળવાર)

ભારતના બંધારણના અનુચ્છેદ ૬૬ મુજબ, ઉપરાષ્ટ્રપતિની પસંદગી એકલ ટ્રાન્સફરેબલ વોટ પદ્ધતિ દ્વારા પ્રમાણસર પ્રતિનિધિત્વની પ્રણાલી અનુસાર સંસદના બંને ગૃહોના સભ્યો ધરાવતી ચૂંટણી મંડળ દ્વારા કરવામાં આવે છે. ૧૭મી ઉપરાષ્ટ્રપતિ ચૂંટણી, ૨૦૨૫ માટે ચૂંટણી મંડળમાં નીચેનાનો સમાવેશ થાય છે:

(i) રાજ્યસભાના ૨૩૩ ચૂંટાયેલા સભ્યો (હાલમાં ૦૫ બેઠકો ખાલી છે)

(ii) રાજ્યસભાના ૧૨ નામાંકિત સભ્યો, અને

(iii) લોકસભાના ૫૪૩ ચૂંટાયેલા સભ્યો (હાલમાં ૦૧ બેઠક ખાલી છે)

મતદાન મંડળમાં સંસદના બંને ગૃહોના કુલ ૭૮૮ સભ્યો (હાલમાં ૭૮૨ સભ્યો) હોય છે. બધા મતદાતાઓ સંસદના બંને ગૃહોના સભ્ય હોવાથી, સંસદના દરેક સભ્યના મતનું મૂલ્ય સમાન હશે એટલે કે ૧ (એક).




## તંત્રી લેખ......

### ચૂંટણી પહેલા જ તમિલનાડુમાં કદાવર નેતાએ સાથ છોડ્યો

ભાજપ માટે રાજકીય રીતે મહત્ત્વના દક્ષિણ ભારતના તમિલનાડુ રાજ્યમાં આજકાલ ભારે રાજકીય ગરમાવો છે. તમિલનાડુના પૂર્વ મુખ્યમંત્રી અને AIADMKમાંથી હાંકી કાઢવામાં આવેલા નેતા ઓ. પન્નીરસેલ્વમે ભાજપની આગેવાની હેઠળના નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA)થી અલગ થવાની જાહેરાત કરી છે. આ પહેલા તેઓ તમિલનાડુના મુખ્યમંત્રી અને દ્રવિડ મુનેત્ર કઝગમ (DMK)ના પ્રમુખ એમ.કે. સ્ટાલિનને મોર્નિંગ વોક દરમિયાન મળ્યા હતા. આ મુલાકાતના ગણતરીના કલાકોમાં જ તેમણે આ જાહેરાત કરી હતી. નોંધનીય છે કે, તમિલનાડુમાં જયલલિતાના મૃત્યુ પછી એઆઈએડીએમકે બે હિસ્સામાં વહેંચાઈ ગયો હતો, જે પૈકી એઆઈએડીએમકે કેડર્સ રાઈટ્સ રિટ્રીવલ કમિટીના વડા પન્નીરસેલવમ હતા.

આ નિર્ણય પહેલાં પન્નીરસેલવમે તમિલનાડુના ગંગાઈકોંડા ચોલાપુરમની તાજેતરની મુલાકાત દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીને એક પત્ર લખ્યો હતો, જેમાં તેમણે કહ્યું હતું કે 'તમને મળવું મારા માટે ગર્વની વાત હશે.' આમ કહીને તેમણે વડાપ્રધાન મોદી સાથે ઔપચારિક મુલાકાતનો પણ સમય માંગ્યો હતો. જો કે, પન્નીરસેલવમને મુલાકાતનો સમય અપાયો ન હતો. આ અવગણના પછી તેમણે સર્વ શિક્ષા અભિયાનના ભંડોળના વિતરણમાં વિલંબ માટે સોશિયલ મીડિયા પર કેન્દ્ર સરકારની જાહેરમાં ટીકા કરી હતી. આ ઘટનાક્રમને હવે એક વળાંક તરીકે જોવામાં આવી રહ્યો છે. જેના કારણે પન્નીરસેલવમ ભાજપની આગેવાની હેઠળના ગઠબંધનમાંથી બહાર નીકળવા માટે પ્રેરિત થયા હોવાનું કહેવાય છે.

આ જાહેરાત પૂર્વ મંત્રી અને પન્નીરસેલવમના લાંબા સમયથી વિશ્વાસુ, પનરુતિ એસ. રામચંદ્રન દ્વારા કરાઈ હતી. તેમણે પુષ્ટિ આપી કે તેમનો પક્ષ ભાજપની આગેવાની હેઠળના NDA સાથેનું જોડાણ તોડી રહ્યો છે. તેમણે કહ્યું કે અમે દ્ઘ્ઢછ સાથેનું જોડાણ તોડી રહ્યા છીએ. તેમણે વધુમાં કહ્યું કે 'પન્નીરસેલવમ ટૂંક સમયમાં ૨૦૨૬ની તમિલનાડુ વિધાનસભા ચૂંટણી પહેલા રાજ્યવ્યાપી પ્રવાસ શરૂ કરશે. હાલમાં કોઈપણ પક્ષ સાથે અમારું જોડાણ નથી. ભવિષ્યમાં ચૂંટણી નજીક આવે ત્યારે, અમે જોડાણ અંગે નિર્ણય લઈશું.'

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ વિદ્યાર્થીઓને પુરુષાર્થ પરમદેવ, ઉન્નત જીવન મૂલ્યો અને સ્વસ્થ જીવન અંગે માર્ગદર્શિત કર્યા

# પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનું સન્માન કરવું એ માત્ર એક ઔપચારિકતા નહીં, પરંતુ રાષ્ટ્ર નિર્માણ માટે પ્રેરણા છેઃ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

### શિક્ષણના માધ્યમથી સંસ્કારયુક્ત નાગરિક બનીને સમાજ અને રાષ્ટ્રના નિર્માણ માટે યોગદાન આપીએઃ ધારાસભ્ય શ્રીમતી દર્શનાબેન વાઘેલા

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, પ્રતિભાશાળી વિદ્યાર્થીઓનું સન્માન કરવું એ માત્ર એક ઔપચારિકતા નહીં, પરંતુ રાષ્ટ્ર નિર્માણ માટે પ્રેરણા છે. તેમણે કહ્યું કે, શિક્ષણ ફક્ત ડિગ્રી મેળવવા પૂરતું સીમિત ન હોવું જોઈએ, તે ચારિત્ર્ય નિર્માણનું માધ્યમ હોવું જોઈએ.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની અધ્યક્ષતામાં આજે રુચિલ ચેરીટેબલ ટ્રસ્ટ અને અસારવા વિસ્તારના ધારાસભ્ય શ્રીમતી દર્શનાબેન વાઘેલા દ્વારા સરદાર પટેલ સ્મારક ખાતે અસારવા વિસ્તારની શાળાઓના ધોરણ ૫ થી ૧૨માં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવનારા વિદ્યાર્થીઓ માટે સન્માન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે શ્રેષ્ઠ પ્રદર્શન કરનારા વિદ્યાર્થીઓનું રાજ્યપાલશ્રીએ સન્માન કર્યું હતું.

રાજ્યપાલશ્રીએ બાળકોને પ્રોત્સાહિત કરતા કહ્યું કે, તેઓ ૩૫ વર્ષ સુધી ગુરુકુળના પ્રધાન આચાર્ય તરીકે કાર્યરત રહ્યા હતા. તેમણે કહ્યું કે, તેમના ગુરુકુળમાં વિદ્યાર્થીઓને શિક્ષણની સાથે સારા સ્વાસ્થ્ય અને સારા સંસ્કારો પર પણ ખાસ ધ્યાન આપવામાં આવે છે. ગુરુકુળના વિદ્યાર્થીઓ વેદ પાઠ, યોગ, પ્રાણાયામ, પ્રાકૃતિક આહાર અને વિવિધ રમતો દ્વારા સર્વાંગી વિકાસ મેળવી રહ્યા છે. સાથે જ, કોઈ વ્યસન, ટીવી, મોબાઈલ નથી અને દિનચર્યા સંપૂર્ણપણે શિસ્તબદ્ધ છે.

તેમણે વિદ્યાર્થીઓને કહ્યું કે, જીવનમાં ક્યારેય હીનતા ન રાખો. દેશમાં ઘણા મહાનુભાવો જેમ કે ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ અને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી અનેક સંઘર્ષોનો સામનો કરીને જ આગળ વધ્યા છે. આ ઉદાહરણોમાંથી પ્રેરણા લઈને, બાળકોએ સખત મહેનત, પ્રામાણિકતા અને સારા સંસ્કારોથી આગળ વધવું જોઈએ.

આ પ્રસંગે રાજ્યપાલશ્રીએ



વિદ્યાર્થીઓને ત્રણ મુખ્ય સિદ્ધાંતો આપ્યાઃ ઉત્તમ સ્વાસ્થ્ય, ઉત્તમ શિક્ષણ અને ઉત્તમ સંસ્કાર. તેમણે કહ્યું કે, બાળપણમાં કેળવાયેલી આદતો જીવનભરની પ્રકૃતિ બની જાય છે અને આ પ્રકૃતિ જીવનની દિશા નક્કી કરે છે. તેમણે માતાપિતા અને શિક્ષકોને બાળકો પર નજર રાખવા, તેમને સારા સંગતમાં રાખવા અને તેમને યોગ્ય માર્ગદર્શન આપવા અપીલ કરી હતી. તેમણે સ્પષ્ટપણે કહ્યું કે, જે શિક્ષકો અને વાલીઓ કિશોરાવસ્થામાં બાળકો સાથે વાતચીત કરતા નથી તેઓ તેમના જીવનને જોખમમાં મૂકી શકે છે.

તેમણે પોતાના અનુભવોમાંથી એક હૃદયસ્પર્શી વાત વર્ણવી હતી, જેમાં તેમણે એક ખરાબ આદતવાળા બાળકને આદર્શ વિદ્યાર્થી અને નાગરિકમાં રૂપાંતરિત કર્યો હતો. આ ઉદાહરણ દર્શાવે છે કે, સમયસર યોગ્ય માર્ગદર્શન અને પ્રેમથી, કોઈપણ બાળકનું જીવન બદલી શકાય છે.

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ તેજસ્વી વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા અને આ પ્રકારના કાર્યક્રમો દ્વારા સમાજમાં શિક્ષણને પ્રોત્સાહન આપવાની પહેલ કરનાર ધારાસભ્ય શ્રીમતી દર્શનાબેન વાઘેલાને શુભકામનાઓ પાઠવી હતી. તેમણે વિદ્યાર્થીઓને માત્ર ડૉક્ટર, એન્જિનિયર કે અધિકારી બનવા જ નહીં, પણ રાષ્ટ્ર અને માનવતાની સેવા કરતા સંવેદનશીલ અને સારા માનવી બનવા આહવાન કર્યું હતું.

ધારાસભ્ય શ્રીમતી દર્શનાબેન વાઘેલાએ તેમના ઉદ્‌બોધનમાં જણાવ્યું કે, આજનો આ સન્માન સમારોહ માત્ર પ્રતિભાને બિરદાવાનું એક મંચ નથી, પણ વિદ્યાર્થીઓ માટે પ્રેરણાનું મેદાન છે. જે વિદ્યાર્થીઓએ આજે પુરસ્કાર મેળવ્યા છે તેઓની મહેનત સરાહનીય છે, પરંતુ તેઓને વધુ ઊંચા સપનાઓ જોઈને હજુ આગળ વધવાનું છે. જેમને આજે પુરસ્કાર મળ્યો નથી, તેઓને પણ હાર ન માનવી જોઈએ. આવા પ્રસંગોથી નવી સ્પર્ધાત્મક ભાવના ઉભી થાય છે અને દરેક વિદ્યાર્થીઓ પોતે શ્રેષ્ઠ બનવાનો સંકલ્પ કરે છે. તેમણે વધુમાં જણાવ્યું કે, શિક્ષણ એ જીવનનું સૌથી મોટું હથિયાર છે જેનાથી આપણે નોકરી મેળવવા ઉપરાંત સંસ્કારયુક્ત નાગરિક બનીને સમાજ અને રાષ્ટ્રના નિર્માણ માટે યોગદાન આપી શકીએ છીએ.

અગ્રણી શ્રી પ્રેરકભાઈ શાહ અને રત્નાંજલી ગ્રુપના ડાયરેક્ટર શ્રી સંયમભાઈ શાહે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું. આ કાર્યક્રમમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર શ્રીમતી પ્રતિભા બેન જૈન, ધારાસભ્ય શ્રી અમિતભાઈ શાહ, અમદાવાદ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડના અધ્યક્ષ ડૉ. સુજયભાઈ મહેતા, વિસ્તારના કોર્પોરેટરશ્રીઓ, કાઉન્સિલરશ્રીઓ, શાળાઓના શિક્ષકો તેમજ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વારસિયા રોડ પર નબીરાનો આતંક

## વાહનોને ટક્કર મારનાર નશામાં ધૂત ચાલકની પોલીસે કરી અટકાયત

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરામાં અકસ્માતો વધ્યા છે કે પછી લોકોમાં નશાનું પ્રમાણ વધ્યું છે તે કહેવું મુશ્કેલ બન્યું છે. શહેરમાં ફરી એક વખત બેફામ નબીરાઓનો આતંક જોવા મળ્યો. નસેડી નબીરાએ વાહનોને ટક્કર મારતા અકસ્માતની ઘટના બનવા પામી. અકસ્માતને પગલે સ્થાનિકોમાં રોષ જોવા મળ્યો. નશામાં વાહન હંકારી અકસ્માત કરનાર નબીરાને લોકોએ જ પાઠ ભણાવ્યો. લોકોએ નબીરાને મેથીપાક આપી પોલીસના હવાલે કર્યો.

શહેરમાં ફરી એક વખત નબીરાએ આતંક મચાવ્યો. હવે દારૂના નસેડીઓમાં પોલીસનો કોઈ ડર જોવા મળતો નથી. નબીરાઓ નશો કરે બેફામપણે વાહન હંકારી નિર્દોષ લોકોને અડફેટે લે છે. છેલ્લા કેટલાક સમયથી વારંવાર નશાની હાલતમાં વડોદરામાં અકસ્માતો થયાની ઘટના સામે આવવા લાગી છે. ગત રાત્રે એરપોર્ટ રોડથી વારસિયા રોડ પર નશામાં ધૂત ચાલકે વાહનોને ટક્કર મારી. જેના બાદ પણ તે વાહન ઉભું ના રાખતા ત્યાંથી ગાડી હંકારી મૂકી. આ જોઈ ત્યાંના કેટલાક સ્થાનિકો નશેડી નબીરાને પાઠ ભણાવવા તેની પાછળ ગયા અને ઝડપી લીધો.

કારચાલકે વાહનને ટક્કર મારવાની ઘટનાને પગલે સ્થાનિકો ભેગા થયા હતા. અને નબીરાને ઝડપી પાડી બરાબર મેથીપાક આપ્યો. દરમિયાન આ ઘટનાની પોલીસને જાણ કરવામાં આવી. સ્થાનિકનો આક્ષેપ છે કે કાર ચાલક ચીક્કાર નશામાં હોવા છતાં ગાડી હંકારી રહ્યો હતો. તેણે જે વાહનને ટક્કર મારી એ વ્યક્તિ ઊંચે ઉછળી નીચે પટકાયો હતો. આ વ્યક્તિને ગંભીર ઈજા પહોંચતા સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો છે.પોલીસને આ બનાવની માહિતી મળતા જ ઘટનાસ્થળ પર પહોંચી ગઈ. પોલીસે નબીરાની કારની તપાસ કરી તેમાંથી ઈંગ્લિશ દારૂના ક્વાટરનો જથ્થો મળી આવ્યો. ઘટનાને પગલે વારસિયા અને હરણી પોલીસ એકશનમાં છે. પોલીસે નબીરાની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી. ઘટનાને લઈને પોલીસે જ્યારે પૂછપરછ કરી ત્યારે એક શખ્સે કહ્યું કે જ્યારે અમે નશેડી ચાલકને પકડયો ત્યારે તેવું કહી રહ્યો હતો કે તમારે જે કરવું હોય તે કરી લો. અમે બધું જોઈ લઈશું. અમને કંઈ થશે નહી. અમારી પહોંચી ઉપર સુધી છે. ખરેખર આ નબીરા સામે કાર્યવાહી થશે કે કેમ તે જોવાનું રહેશે...

# ભારેથી અતિ ભારે વરસાદમાં પણ રાજ્યમાં એસ.ટીની બસ સેવા અવિરત

### રાજ્યમાં ચોમાસાની સ્થિતિએ ૨૪ લાખથી વધુ ટ્રીપો પૂર્ણ કરીને એસ.ટીની બસોએ ૯ કરોડથી વધુ મુસાફરોને પોતાના ગંતવ્ય સ્થાન સુધી પહોંચાડ્યા

કુદરતી આપદા જેમ કે, ભારે વરસાદ, પૂર જેવી પરિસ્થિતિઓમાં ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ-GSRTCની બસ મુસાફરોને સમયસર અને સલામત રીતે પોતાના ગંતવ્ય સ્થળે પહોંચાડવા માટે કટિબદ્ધ રહી છે. હાલ ચાલુ વર્ષે ચોમાસાની ઋતુમાં તા.૧ જૂન ૨૦૨૫થી લઈને અત્યારસુધી એટલે કે, ૩૦ જૂલાઈ ૨૦૨૫ સુધીમાં રાજ્યના ૧૨૫ એસ.ટી ડેપોમાંથી ૨૪ લાખથી વધુ ટ્રીપો પૂર્ણ કરીને ૯ કરોડથી વધુ મુસાફરોને નિગમની બસો દ્વારા તેમના ગંતવ્ય સ્થાન સુધી પહોચાડ્યા છે.

રાજ્યમાં જૂન માસમાં ભારે વરસાદ દરમિયાન સૌરાષ્ટ્રના ભાવનગર અને બોટાદ જિલ્લાની ફક્ત ૧.૪૦% ટ્રીપો રદ થઈ હતી. જ્યારે દક્ષિણ ગુજરાતના સુરત અને તાપી જિલ્લાની ૧.૬૦% ટ્રીપો રદ કરવામાં આવી હતી. જુલાઈ માસમાં ઉત્તર ગુજરાતના બનાસકાંઠામાં થયેલ ભારે વરસાદથી ૦.૬૪% ટ્રીપો રદ કરવામાં આવી હતી. આ રદ થયેલ ટ્રીપો માત્ર ત્રણ દિવસમાં નિગમે પુનઃ કાર્યરત કરી હતી.

નાગરિકોને બસ સ્ટેશન અને ડેપોથી લઈને પોતાની મુસાફરી પૂર્ણ ન થાય ત્યાં સુધી કોઈ પણ પ્રકારની હાલાકી ન રહે તે બાબતની ચિંતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ વાહન વ્યવહાર મંત્રી શ્રી હર્ષ સંઘવી કરી રહ્યા છે. જેના ભાગરૂપે ગુજરાતમાં એસ.ટી નિગમની સ્લીપર, વોલ્વો, મિનીબસ સહિતની અન્ય બસો આજે ટેક્નોલોજીયુક્ત અને BS-6 પ્રકારની છે. પર્યાવરણને નુકશાન ન થાય તે માટે પબ્લિક પ્રાઈવેટ પાર્ટનર શીપ ધોરણે ૫૦ મીની ઈલેક્ટ્રિક બસો તેમજ નિગમની ૦૫ ડબલ ડેકર બસ મળીને કુલ ૫૫ ઈલેક્ટ્રિક બસો હાલ ગુજરાતમાં કાર્યરત છે.

ગુજરાત એસ.ટી. નિગમ માત્ર વાહન ચલાવવાનું કામ નથી કરતું, પરંતુ તે રાજ્યના નાગરિકોની જીવનશૈલીનું એક અવિભાજ્ય અંગ બની ગયું છે.

નિગમની બસો દૈનિક સરેરાશ ૩૨ લાખ કિલોમીટરનું અંતર કાપી, અંદાજે ૩૭,૦૦૦ જેટલી ટ્રીપો દ્વારા ૨૭ લાખથી વધુ મુસાફરોને પરિવહન સેવાઓ રાજ્યના નાગરિકોને આપી રહી છે.

ગુજરાત સરકાર, સુરત સિવિલ હૉસ્પિટલ અને અમદાવાદ સ્થિત કિડની ઈન્સ્ટીટ્યુટને મળશે એવોર્ડ

# અંગદાન ક્ષેત્રે ગુજરાતનું થશે બહુમાનઃ દિલ્હી ખાતે અંગદાન અને ટ્રાન્સપ્લાન્ટ ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી બદલ ગુજરાતને મળશે ત્રણ એવોર્ડ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ અને આરોગ્યમંત્રીશ્રી ઋષિકેશ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય આરોગ્ય વિભાગ દ્વારા અંગદાન અને ટ્રાન્સપ્લાન્ટ ક્ષેત્રે સરાહનીય કામગીરી કરવામાં આવી રહી છે.

ત્રણ ઓગષ્ટ સમગ્ર દેશમાં રાષ્ટ્રીય અંગદાન દિવસ ઉજવાય છે. જેના ભાગરૂપે નવી દિલ્હી ખાતે ૨ જી ઓગષ્ટે ૧૫ માં રાષ્ટ્રીય અંગદાન દિવસની ઉજવણીના ભાગસ્વરૂપે અંગદાન ક્ષેત્રે થતી કામગીરીને બિરદાવવામાં આવશે.

જેમાં ગુજરાતમાં થઇ રહેલ અંગદાન ક્ષેત્રની કામગીરી બદલ કેન્દ્રીય આરોગ્ય મંત્રીશ્રી જે.પી.નડ્ડા ના હસ્તે ત્રણ એવોર્ડ પ્રાપ્ત થશે.

જેમાં ગુજરાત સરકારને "એક્સલન્સ ઈન પ્રમોશન ઓફ ઓર્ગન ડોનેશન", ન્યુ સુરત સિવિલ હોસ્પિટલને "બેસ્ટ નોન ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગન રીટ્રાઈવલ સેન્ટર",કિડની ઈન્સ્ટીટ્યુટને "ટ્રાન્સપ્લાન્ટ કરતી દેશની સવર્શ્રેષ્ઠ હોસ્પિટલ" કેટેગરીમાં મળશે એવોર્ડ પ્રાપ્ત થશે.

અંગદાનનું મહત્વ, તેની જન જાગૃતિ માટે ગુજરાત સરકાર, સેવાભાવી સંસ્થાઓ અને મીડિયાના સહયોગથી સમગ્ર રાજ્યમાં રાજ્ય સરકારે લીધેલા નોંધપાત્ર પ્રયાસો બિરદાવવા ગુજરાત રાજ્યને "Excellence in PramOion of Organ Donation (અંગદાનના પ્રચારમાં ઉત્કૃષ્ટતા માટેનો એવોર્ડ) એનાયત કરવામાં આવશે. ગુજરાતના સરકારના સનિષ્ઠ પ્રયાસોના પરિણામે છેલ્લા પાંચ વર્ષોમાં રાજ્યમાં અંગદાનની જનજાગૃતિ સમગ્ર રાજ્યમાં પ્રવર્તિ છે જેના પરિણામે જ બ્રેઈનડેડ અંગદાતાઓની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો થયો છે.

ઈન્સ્ટિટ્યુટ ઓફ કિડની ડિસિઝ અને રિસર્ચ સેન્ટર (IKDRC) ને દેશની "Best Govt. Hospital in Organ Transplantation in the country" તરીકે પુરસ્કૃત કરવામાં આવશે. IKDRC દ્વારા અંગ દાન અને ટ્રાન્સપ્લાન્ટેશનના ક્ષેત્રે કરવામાં આવેલા ઉત્કૃષ્ટ અને સતત પ્રયાસો કરવામાં આવેલ છે.

૨૦૨૪ના વર્ષમાં IKDRC કિડનીના લીવરના અને પેંક્રીયાસના થઈને કુલ ૫૧૧ અંગોના ટ્રાન્સપ્લાન્ટેશન કરવામાં આવ્યા છે તે દેશભરમાં સૌથી વધારે છે. છેલ્લા કેટલાય વર્ષોથી રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરે અંગ દાન અને ટ્રાન્સપ્લાન્ટેશન ક્ષેત્રે અગ્રણી પાયાની સેવા આપી રહ્યું છે તેને ધ્યાને રાખીને આ એવોર્ડ એનાયત કરવામાં આવશે .

અંગદાન ક્ષેત્રે નોંધપાત્ર કામગીરી બદલ, નવી સિવિલ હોસ્પિટલ, સુરતને "બેસ્ટ નોન-ટ્રાન્સપ્લાન્ટ ઑર્ગન રીટ્રીવલ સેન્ટર (NTORC)" તરીકે પુરસ્કૃત કરવામાં આવશે. નવી સિવિલ હોસ્પિટલ, સુરત દ્વારા અંગદાનની પ્રક્રિયામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવામાં આવી છે બ્રેઈન ડેથ દાતામાંથી અંગોના દાન કરાવવાના તેમના ઉત્કૃષ્ટ પ્રયાસોને કારણે દર્દીઓને નવજીવન મળેલ છે.

ગરવી ગુજરાતમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

## ગંભીરા બ્રિજ પર લટકતા ટેન્કરને ઉતારવાની કામગીરી શરૂ કરાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરામાં ગયા મહિને ગંભીરા બ્રિજ દુર્ઘટના સર્જાઈ હતી. જેમાં એકાએક બ્રિજ તૂટી પડતા ૨૦થી વધુ લોકોએ પોતાની જીવ ગુમાવ્યો હતો. જોકે, આ દરમિયાન બ્રિજના છેડે એક ટેન્કર અટવાઈ ગયું હતું. ટેન્કરના માલિક દ્વારા છેલ્લાં ઘણાં સમયથી તેને ઉતારવા માટે રજૂઆત કરવામાં આવી હતી. ત્યારે હવે જતા છેક વડોદરાના ગંભીરા બ્રિજ પર લટકતું ટેન્કર નીચે ઉતારવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. દુર્ઘટનાના ૨૩ દિવસ બાદ આ ટેન્કર નીચે ઉતારવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. ટેન્કર નીચે ઉતારવાની જવાબદારી આણંદ કલેક્ટરને સોંપવામાં આવી છે. પોરબંદરની એક ખાનગી કંપનીને આ માટે કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો છે. જેમાં બલૂન ટેક્નોલોજીની મદદથી ટેક્ર નીચે ઉતારવામાં આવશે. મળતી માહિતી મુજબ, આ પ્રક્રિયામાં ક્રેઈનની મદદ લેવામાં નહીં આવે.

આ મુદ્દે આણંદ જિલ્લા કલેક્ટર પ્રવીણ ચૌધરીએ જણાવ્યું હતુ કે, 'આ રેસ્ક્યૂ ઓપરેશન જોખમી છે પરંતુ, માનવની સંડોવણી પણ થવાની છે. ત્યારે જીવનું જોખમ ન થાય તે રીતે આયોજન કરાયું છે. બલૂન ટેકનોલોજી અને નેના મીટરની થીકનેસવાળી ટયૂબો મૂકીને ટેન્કરને ઉપાડી લેવામાં આવશે.' જ્યારે કોઈ મોટું વાહન નદીમાં પડી જાય, ખીણમાં ખાબકે કે પછી ખતરનાક જગ્યા પર ફસાઈ જાય, ત્યારે તેને સલામત રીતે બહાર કાઢવા માટે જે ટેક્નોલોજી વપરાય છે તેમાં એર લિફ્ટિંગ બલૂન ટેક્નોલોજીનો ઉપયોગ થાય છે. આ ટેક્નોલોજી હવામાં ભરેલા વિશેષ પ્રકારના બલૂન્સ (એરબેગ્સ) નો ઉપયોગ કરે છે, જે ભારી વાહનો જેમ કે ટ્રક, બસ, કે કારને સ્થિર કરી શકે છે, ઊંચકીને સપાટી પર લાવી શકે છે અથવા પાણીમાંથી બહાર કાઢી શકે છે. ગત મહિને ૯ જુલાઈના રોજ વડોદરાના પાદરા-જંબુસર વચ્ચે આવેલો ગંભીરા બ્રિજ અચાનક તૂટી પડ્યો હતો. આ ભયાનક દુર્ઘટનામાં ૭ વાહનો નદીમાં ખાબક્યા હતા, જ્યારે એક ટ્રક બ્રિજ પર લટકી રહી હતી. આ દુર્ઘટનામાં ૨૦થી વધુ નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા હતા, જ્યારે ૨૦થી વધુ લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. આ ઘટનાએ સમગ્ર રાજ્યને હચમચાવી દીધું હતું અને બ્રિજના બાંધકામની ગુણવત્તા પર ગંભીર સવાલો ઉભા કર્યા હતા.

## વડોદરા ડિવિઝન પર 'સ્વાતંત્ર્ય દિવસ સમારોહ - ૨૦૨૫' અંતર્ગત સ્વચ્છતા અભિયાનનો શુભારંભ

પશ્ચિમ રેલવેના વડોદરા ડિવિઝન પર 'સ્વાતંત્ર્ય દિવસ સમારોહ-૨૦૨૫' ના ઉપલક્ષ્યમાં તારીખ ૧ ઓગસ્ટ થી ૧૫ ઓગસ્ટ, ૨૦૨૫ સુધી એક વિશેષ 'સ્વચ્છતા અભિયાન'નું આયોજન કરવામાં આવ્યું છે.

આ પખવાડિયા દરમિયાન, ડિવિઝનના વિવિધ સ્ટેશનો, રેલવે કોલોનીઓ અને કચેરીઓમાં સ્વચ્છતા જાગૃતિ અને વિશેષ સફાઈ અભિયાન ચલાવવામાં આવશે.

અભિયાનનો પ્રારંભ વડોદરા ડિવિઝનલ રેલવે મેનેજર શ્રી રાજુ ભડકે એ તમામ રેલ કર્મચારીઓ અને અધિકારીઓને સ્વચ્છતા પ્રત્યે જાગૃત રહેવાની શપથ લેવડાવીને કર્યો.

શ્રી ભડકે એ રેલ કર્મચારીઓને દર વર્ષે ૧૦૦ કલાક એટલે કે દર અઠવાડિયે ૨ કલાક શ્રમદાન કરવા અને અન્ય લોકોને પણ સ્વચ્છતા પ્રત્યે જાગૃત કરવા આહ્વાન કર્યું, જેથી સમગ્ર દેશને સ્વચ્છ બનાવવામાં મદદ મળી શકે. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય ડિવિઝન વિસ્તારમાં સ્વચ્છતા સુનિશ્ચિત કરવાનો છે, જેમાં ખાસ કરીને રેલવે ટ્રેક અને તેની આસપાસના વિસ્તારોમાંથી કચરો હટાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

# ૧૧ ઓગસ્ટથી ભાવનગર ટર્મિનસ અને અયોધ્યા કેન્ટ વચ્ચે સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેન દોડશે

માનનીય રેલ્વે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ જી ૩ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ ભાવનગર ટર્મિનસથી ભાવનગર ટર્મિનસ-અયોધ્યા કેન્ટ એક્સપ્રેસ અને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા રીવા-પુણે (હડપસર) અને જબલપુર-રાયપુર એક્સપ્રેસની શરૂઆતની ટ્રેનોને લીલી ઝંડી આપશે.

મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને, રેલવે વહીવટીતંત્રે ૧૧ ઓગસ્ટ, ૨૦૨૫ થી દર સોમવારે ભાવનગર ટર્મિનસ-અયોધ્યા કેન્ટ વચ્ચે પશ્ચિમ રેલવેના ભાવનગર ટર્મિનસ સ્ટેશનથી ભગવાન શ્રી રામના શહેર અયોધ્યા સુધી સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેન દોડાવવાનો નિર્ણય લીધો છે. ભાવનગર ટર્મિનસ-અયોધ્યા કેન્ટ એક્સપ્રેસ ટ્રેનની વિગતવાર વિગતો નીચે મુજબ છેઃ-

● ટ્રેન નં. ૧૯૨૦૧/૧૯૨૦૨ ભાવનગર-અયોધ્યા કેન્ટ-ભાવનગર સાપ્તાહિક એક્સપ્રેસ

ટ્રેન નં. ૧૯૨૦૧ ભાવનગર ટર્મિનસ - અયોધ્યા કેન્ટ સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેન ૧૧ ઓગસ્ટ, ૨૦૨૫ (સોમવાર) ના રોજ બપોરે ૧૩.૫૦ વાગ્યે ભાવનગર ટર્મિનસથી ઉપડશે અને બીજા દિવસે સાંજે ૧૮.૩૦ વાગ્યે અયોધ્યા કેન્ટ સ્ટેશન પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નંબર ૧૯૨૦૨ અયોધ્યા કેન્ટ-ભાવનગર ટર્મિનસ સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેન ૧૨ ઓગસ્ટ, ૨૦૨૫ (મંગળવાર) ના રોજ રાત્રે ૨૨.૩૦ વાગ્યે અયોધ્યા કેન્ટ સ્ટેશનથી ઉપડશે અને ગુરુવારે સવારે ૪.૪૫ વાગ્યે ભાવનગર ટર્મિનસ પહોંચશે.

આ ટ્રેન ભાવનગર પરા, સિહોર, ધોળા, બોટાદ, લીંબડી, સુરેન્દ્રનગર ગેટ, વિરમગામ, મહેસાણા, પાલનપુર જંકશન, આબુ રોડ, ફાલના, મારવાડ જંકશન, બ્યાવર, અજમેર જંકશન, કિશનગઢ, જયપુર જંકશન, ગાંધીનગર જયપુર, બાંદીકુઈ જંકશન, ભરતપુર જંકશન, ઈદગાહ, ટુંડલા જંકશન, કાનપુર સેન્ટ્રલ, લખનઊ અને બારાબંકી જંકશન સ્ટેશનો પર બંને દિશામાં રોકાશે. આ ટ્રેનમાં સેકન્ડ ક્લાસ, સ્લીપર, થર્ડ એસી, થર્ડ એસી ઈકોનોમી અને સેકન્ડ એસી કોચ હશે.

ટ્રેન નંબર ૧૯૨૦૧ માટે ટિકિટ બુકિંગ ૦૩.૦૮.૨૦૨૫ થી પેસેન્જર રિઝર્વેશન સેન્ટરો અને આઈઆરસીટીસી વેબસાઈટ પર શરૂ થશે. આ ટ્રેનના સ્ટોપેજ, સંરચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને વેબસાઈટ www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad,Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002,Ahmedabad,Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad,Gujarat-380 002. and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાના વાયદાના ભાવમાં રૂ.૯નો સુધારોઃ ચાંદીનો વાયદો રૂ.૩૮૭ અને ક્રૂડ તેલનો વાયદો રૂ.૩૯ નરમ

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૦૮૦૫.૯૯ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૬૬૨૭૯.૯૫ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૮૧૧૨.૬૧ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૨૮૪૮ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૭૭૦૮૬.૬૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૦૮૦૫.૯૯ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૬૬૨૭૯.૯૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૨૨૮૪૮ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૨૫૬.૨૪ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૮૧૧૨.૬૧ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૮૭૦૨ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૮૯૨૦ અને નીચામાં રૂ.૯૮૨૯૨ના મથાળે અથડાઈ, રૂ.૯૮૭૬૯ના આગલા બંધ સામે રૂ.૯ વધી રૂ.૯૮૭૭૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ઓગસ્ટ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૪૭ વધી રૂ.૭૯૨૫૫ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ ઓગસ્ટ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧ વધી રૂ.૯૯૩૦ થયો હતો. સોનું-મિની સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨ વધી રૂ.૯૮૩૭૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૮૪૦૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૮૬૫૧ અને નીચામાં રૂ.૯૮૧૧૧ના મથાળે અથડાઈ, રૂ.૯૮૫૯૬ના આગલા બંધ સામે રૂ.૧૩ વધી રૂ.૯૮૬૦૯ના ભાવે બોલાયો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૦૯૮૫૪ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૧૦૧૦૭ અને નીચામાં રૂ.૧૦૯૧૧૩ના મથાળે અથડાઈ, રૂ.૧૦૯૯૭૨ના આગલા બંધ સામે રૂ.૩૮૭ ઘટી રૂ.૧૦૯૫૮૫ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની ઓગસ્ટ વાયદો રૂ.૩૬૨ ઘટી રૂ.૧૦૯૫૨૫ થયો હતો. ચાંદી-માઈક્રો ઓગસ્ટ વાયદો રૂ.૩૫૭ ઘટી રૂ.૧૦૯૫૨૫ થયો હતો. બિનલોહ ધાતુઓમાં રૂ.૧૦૦૨.૬૮ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ઓગસ્ટ વાયદો રૂ.૨.૬ વધી રૂ.૮૭૮.૭૫ના ભાવે બોલાયો હતો. જસત ઓગસ્ટ વાયદો રૂ.૩.૩ ઘટી રૂ.૨૬૨.૨૫ના સ્તરે પહોંચ્યો હતો. એલ્યુમિનિયમ ઓગસ્ટ વાયદો રૂ.૧.૧૫ ઘટી રૂ.૨૪૯.૩ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ઓગસ્ટ વાયદો ૧૫ પૈસા ઘટી રૂ.૧૭૯.૩૫ થયો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ.૧૪૪૩.૦૩ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ઓગસ્ટ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૪૮૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૪૯૪ અને નીચામાં રૂ.૪૪૪૮ના સ્તરને સ્પર્શી, રૂ.૨૪ ઘટી રૂ.૪૪૬૨ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ ઓગસ્ટ વાયદો બેરલદીઠ રૂ.૫૯૫૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૬૦૮૪ અને નીચામાં રૂ.૫૯૫૧ના મથાળે અથડાઈ, રૂ.૬૦૫૨ના આગલા બંધ સામે રૂ.૩૯ ઘટી રૂ.૬૦૧૩ થયો હતો. ક્રૂડ તેલ-મિની ઓગસ્ટ વાયદો રૂ.૩૯ ઘટી રૂ.૬૦૧૪ થયો હતો. નેચરલ ગેસ ઓગસ્ટ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૧.૮ ઘટી રૂ.૨૭૦ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ-મિની ઓગસ્ટ વાયદો રૂ.૧.૬ ઘટી રૂ.૨૭૦.૨ના સ્તરે પહોંચ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ઓગસ્ટ વાયદો કિલોદીઠ રૂ.૯૨૯.૮ના ભાવે ખૂલી, કોઈ ફેરફાર વગર રૂ.૯૨૬ થયો હતો. એલચી ઓગસ્ટ વાયદો કિલોદીઠ રૂ.૨૮૧૦ના ભાવે ખૂલી, રૂ.૪૬ ઘટી રૂ.૨૭૪૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૫૦૭૮.૯૦ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૩૦૩૩.૭૨ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાના વાયદાઓમાં રૂ.૫૫૭.૧૨ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૧૨૦.૦૩ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૨૭.૫૨ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૨૯૮.૦૦ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૧૩.૭૦ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૫૭૮.૫૪ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૮૫૦.૭૯ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૩.૧૩ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૧.૧૩ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૩૪૪૧ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૪૦૮૦૯ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૧૩૪૨ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૧૯૦૫૪૨ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૧૫૮૫૦ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૪૩૨૫ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૫૩૬૭ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૫૭૭૧૬ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૭૦૨ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૧૧૨૪ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૪૧૯૦૧ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૨૨૮૩૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૨૮૬૬ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૨૭૮૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૩૭ પોઈન્ટ ઘટી ૨૨૮૪૮ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓગસ્ટ રૂ.૬૧૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૯.૯ ઘટી રૂ.૧૫૯.૫ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૪ ઘટી રૂ.૧૬.૨ના ભાવે બોલાયો હતો.

સોનું ઓગસ્ટ રૂ.૧૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૪.૫ વધી રૂ.૯૬૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી ઓગસ્ટ રૂ.૧૧૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૪૫ ઘટી રૂ.૨૪૫૦ થયો હતો. તાંબું ઓગસ્ટ રૂ.૮૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૯૬ પૈસા વધી રૂ.૧૨.૨૫ના ભાવે બોલાયો હતો. જસત ઓગસ્ટ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૮૫ પૈસા ઘટી રૂ.૧.૫૬ના ભાવે બોલાયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓગસ્ટ રૂ.૬૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૨૮.૯ વધી રૂ.૧૯૩.૮ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૮૫ પૈસા વધી રૂ.૧૬.૭ થયો હતો.

સોનું ઓગસ્ટ રૂ.૯૮૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫.૫ વધી રૂ.૧૧૦૦ થયો હતો. આ સામે ચાંદી ઓગસ્ટ રૂ.૧૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૨.૫ વધી રૂ.૨૫૦ના ભાવે બોલાયો હતો. તાંબું ઓગસ્ટ રૂ.૮૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૭૨ ઘટી રૂ.૧૩.૨૨ના ભાવે બોલાયો હતો. જસત ઓગસ્ટ રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૪૧ પૈસા વધી રૂ.૨.૫૮ થયો હતો.

# બાળ તસ્કરી માટે કરાયું હતું અપહરણ, ૪ની કરાઈ ધરપકડ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ વિસ્તાર દિવસેને દિવસે વધુ વિસ્તૃત થઈ રહ્યો છે. શહેર વિકાસભણી દોટ મૂકી રહ્યું છે. ત્યારે કેટલાક લોકો પોતાનું નસીબ અજમાવવા શહેરમાં વસવાટ કરવા આવે છે. શહેરની નજી ધોળકામાં પણ એક પરિવાર મજૂરી કરી ગુજરાન ચલાવે છે. આ પરિવારની બાળકી રહસ્યમય રીતે ગુમ થઈ હતી. માતાપિતાને શંકા છે કે તેમની બાળકીને કોઈ ઉપાડી ગયું છે. જેને લઈને તેમણે પોલીસમાં બાળકી ગુમ થયાની ફરિયાદ કરી હતી.

માતાપિતાની ફરિયાદના પગલે પોલીસે આ ઘટનામાં તપાસ હાથ ધરી. પરિવાર જ્યાં રહે છે તે વિસ્તારના સીસીટીવી ચેક કર્યા તેમજ અન્ય લોકોની પૂછપરછ કરતાં ચોંકાવનારી વિગત સામે આવી. ધોળકામાં બાળકી ગુમ થયા મામલે સામે આવ્યું કે તેનું ઈરાદાપૂર્વક અપહરણ કરવામાં આવ્યું છે.

# ગુજરાતમાં મોદીનો જાદુ ઓસર્યો : પાળીયાદ ખાતે ૫૦૦ થી વધુ લોકો આમ આદમી પાર્ટીમાં જોડાયા : ભાજપમાં વધતી જતી જુથબંધી તેમજ કામો ન થતા હોવાનુ કહ્યું

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

આજે શુક્રવારે પાળીયાદ (બોટાદ) ખાતે આમ આદમી પાર્ટીના કિસાન સેલના પ્રદેશ પ્રમુખ રાજુ કરપડાની હાજરીમાં વિવિધ સમાજના અને અનેક રાજકીય આગેવાનો સાથે મળીને ૫૦૦ થી વધુ લોકો આમ આદમી પાર્ટીમાં જોડાયા છે. આ દરમિયાન આમ આદમી પાર્ટી કિસાન સેલ પ્રમુખ રાજુ કરપડાએ પોતાની વાત રજુ કરતા કહ્યુ હતુ કે આજે શુક્રવારે પાળીયાદ (બોટાદ) ખાતે અનેક રાજકીય આગેવાનો ની સાથે સાથે અનેક સમાજના લોકો આમ



આદમી પાર્ટીમાં જોડાયા છે.

ભાજપની ભ્રષ્ટ નીતિ, તાનાશાહી નીતિ, ખેડુત વિરોધી નીતિ અને દલિતો, વંચિતો અને શોષિતો વિરોધની નીતિના કારણે સમગ્ર ગુજરાતમાં લોકો ત્રાહીમામ પોકારી ઉઠયા છે. તો બીજી તરફ ભાજપ સરકારમાં ધારાસભ્યોના કામો થતા નથી. તો બીજી તરફ અધિકારીઓ પણ મંત્રીઓના કામો કરતા નથી. ત્યારે આજે ગુજરાત જોડો અભિયાન અંતર્ગત ૫૦૦ થી વધુ લોકો એક ઉમ્મિદ સાથે આમ આદમી પાર્ટીમાં જોડાયા છે. હું તમામનું હાર્દિક સ્વાગત કરૂ છું. હું તમામ પાળીયાદ (બોટાદ) અને આજુબાજુના લોકોને વિનંતી કરૂ છું કે અત્યાર સુધી ભાજપ અને કોંગ્રેસને અનેક દશકો સુધી સત્તા સોંપીને તમે જોઈ લીધુ કે તેઓ જનતાની પરીસ્થિતિમાં બદલાવ લાવવા માટે વિશ્વાસ કરતા નથી અને જનતાનુ ભલુ ઈચ્છતા નથી. માટે હું આપ સૌને વિનંતી કરૂ છું કે એક વખત આમ આદમી પાર્ટીનો સાથ આપો, ભાજપ સરકાર ખેડુત વિરોધી, મહિલા વિરોધી, ગરીબ વિરોધી, વંચિત વિરોધી અને શિક્ષણ વિરોધી છે. આપણા વિસ્તારમાં સારી સરકારી હોસ્પીટલો અને ડોકટરો પણ નથી, જો આવી હાલત આપણા વિસ્તારમાં થઈ રહી છે તો જો તમે તમામ લોકો આ પરીસ્થિતિમાંથી છુટકારો મેળવવા માંગતા હો તો તમામ લોકો આમ આદમી પાર્ટીમાં જોડાય તેવી મારી વિનંતી છે. આજે ભાજપ અને કોંગ્રેસના પણ ઘણા આગેવાનો આમ આદમી પાર્ટીમાં જોડાયા છે. આવનાર સમયમાં પણ ખુબ મોટી સંખ્યામાં લોકો આમ આદમી પાર્ટીમાં જોડાશે તેવો મને પુરેપુરો વિશ્વાસ છે તેવુ રાજુ કરપડાએ જણાવ્યુ હતું.

## ભાજપ સરકારે હવે ખાત મુહુર્ત ઝડપી કરી દેવા પડશે નહીતર આમ આદમી પાર્ટી આ ખાત મુહુર્ત કરી નાખશેઃ અમરેલી જિલ્લાની ધારી માં ભાજપ ધારાસભ્ય ખાત મુહુર્ત કરે તે પહેલા આમ આદમી પાર્ટી કાર્યકરોએ ખાત મુહુર્ત કરી દીધુ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

અમરેલી જિલ્લાની ધારી વિધાનસભા બેઠકમાં ગીગાસણ ગામે રૂપીયા ૧.૨૦ કરોડના ખર્ચે મેઈન બજારમાં નિર્માણ પામનારા સુવિધાપથના ખાત મુહુર્તને લઈ રાજકીય ચકચાર સર્જાઈ છે. આમ આદમી પાર્ટીના કાર્યકરોએ ભાજપના ધારાસભ્ય જે વી કાકડીયા ખાત મુહુર્ત કરે તે પહેલા જ ગામના આગેવાનોના વરદ હસ્તે ખાત મુહુર્ત



કરી દેતાં રાજકીય વાતાવરણ ગરમાયુ છે. મળતી માહિતી પ્રમાણે ગીગાસણ ગામે આ સુવિધા પથનુ ખાત મુહુર્ત આમ આદમી પાર્ટીના કાર્યકરોએ આયોજન પૂર્વક કર્યુ હતું. જેમાં ગામના આગેવાનો અને વડીલોને સામેલ કરવામાં આવ્યા હતા. આ ઘટનાને આમ આદમી પાર્ટી દ્વારા સ્થાનિક સ્તરે પોતાની હાજરી નોંધાવવાના પ્રયાસ તરીકે જોવામાં આવે છે. જો કે આ ઘટના બાદ ધારાસભ્ય જે વી કાકડીયા પણ ગામે પહોચ્યા હતા અને તેમને ફરીથી ખાત મુહુર્ત કર્યુ હતું. જેનાથી બંને પક્ષો વચ્ચે તણાવની સ્થિતિ સર્જાઈ હતી. આ ઘટનાએ ધારી વિધાનસભા વિસ્તારમાં રાજકીય ગતિશિલતાને ઉજાગર કરી છે. જયાં ભાજપનુ વર્ચસ્વ હોવા છતાં આમ આદમી પાર્ટી પોતાનો પ્રભાવ વધારવાનો પ્રયાસ કરી રહી છે. સ્થાનિક લોકોમાં આ ઘટનાને લઈ મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યો છે.

કેટલાકે આમ આદમી પાર્ટીના આ પગલાને ગામના વિકાસમાં સહભાગીદારીનુ પગલુ ગણાવ્યુ છે. જયારે અન્યોએ તેને રાજકીય ચાલ તરીકે જોઈ છે. આ ઘટના ધારીમાં આગામી રાજકીય સમીકરણોને કેવી રીતે અસર કરશે તે હવે જોવુ રહ્યું.


# પીઆઈ માંથી ડીવાયએસપી પ્રમોશન મામલે : તાબડતોબ મેડીકલ કરાવી ચુકેલા ૧૨૫ થી વધુ પીઆઈ ૧૬ મહિનાથી પ્રમોશનની રાહ જોઈ રહ્યા છે

### ૨૪ કલાક માં મેડીકલ કરાવવા આદેશ થયો હતો : ડીપીસી બેસી પણ ૧૬ મહિને પ્રમોશન નથી આવ્યા : કેટલાક નિવૃત્ત થઈ ગયા : બાકીના બચતા ફરે છે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત પોલીસમાં છેલ્લા કેટલાય દસકાઓથી બઢતી અને બદલીનો લાંબો વિલંબ જોવા મળી રહ્યો છે. જીપીએસ અને આઈપીએસ અધિકારીઓને સમયસર મળતી બઢતી / બદલી કદાચ એકાદ -બે કિસ્સાને બાદ કરતા કયારેય મળી નથી,

ગુજરાત પોલીસદળમાં ખાલી પડેલી ડીવાયએસપીની ૧૨૫ થી વધુ જગ્યાઓની પોલીસ ઈન્સ્પેકટર થી ડીવાયએસપીની બઢતી આજે અને કાલે આવે તેની રાહ જોવામાં ૧૬ મહિનાથી રાહ જોઈને બેઠા છે. તો બીજી તરફ સોશીયલ મીડીયામાં પીઆઈ ટુ ડીવાયએસપી પ્રમોશનની વહેતી થયેલી વાતો પણ ઠરી ગઈ છે. ૧૩ વરસ અને તેથી વધુ સમયથી પોલીસ ઈન્સ્પેકટરની ફરજ બજાવતા અધિકારીઓને કયારે કલાસ-૧ માં બઢતી અપાશે તેની ઠોસ જાણકારી ગૃહ વિભાગ પણ આપી શકે તેમ નથી, જો કે આ વિલંબના કારણે બઢતીના હક્કદાર પોલીસ ઈન્સ્પેકટરોના મહિને ૧૫ હજાર રૂપીયા જેટલુ નુકશાન થઈ રહ્યુ છે. જાન્યુઆરી ૨૦૨૪ માં રાજય સરકારના ગૃહ વિભાગના આદેશથી ડીજીપી ઓફીસે ૧૪૪ પોલીસ ઈન્સ્પેકટરને મેડીકલ ચેકઅપ કરાવવા આદેશ કર્યો હતો. ૨૪ કલાકમાં મેડીકલ રીપોર્ટ જમા કરાવવાનો આદેશ મળતા પોલીસ ઈન્સ્પેકટરોએ કામ પડતા મુકી





સરકારી હોસ્પીટલોમાં દોડી ગયા હતા, ૩૦૦ રૂપીયા ભરીને ૫ કલાક હોસ્પીટલના જુદા જુદા વિભાગોમાં દોડધામ કરીને બ્લડ, હાર્ટ , આંખ-કાન અને દાંત સહિતની તપાસ કરાવી હતી. યુદ્ધના ધોરણે મેડીકલ રીપોર્ટ મંગાવવામાં આવતા અધિકારીઓને પીઆઈ ટુ ડીવાયએસપી પ્રમોશન મળવાની એક આશા બંધાઈ હતી.

મેડીકલ રીપોર્ટ જમા થતા ગુજરાત ડીજીપી ઓફીસમાંથી વિગતવારનો અહેવાલ ગૃહ વિભાગ ને મોકલવામાં આવતા માર્ચ ૨૦૨૪ માં ડીપીસી (ડીપાર્ટમેન્ટલ પ્રમોશન કમિટી ) બેસી હતી. ડીપીસીમાં ૧૪૪ જેટલા પોલીસ ઈન્સ્પેકટરો અંગેની માહિતી મેળવવામાં આવી હતી. જે રીતે મેડીકલ રીપોર્ટ કરાવવા સુચના મળી હતી તે અનુસાર અધિકારીઓને ભારે આશા હતી કે પીઆઈ માં થી ટુંકા ગાળામાં જ ડીવાયએસપી બની જઈશુ. જો કે એવુ ન થયુ, સરકારના ગૃહ વિભાગની પરંપરા અનુસાર પીઆઈ ટુ ડીવાયએસપી પ્રમોશન પણ ઘોંચમાં પડયા છે. બઢતીની રાહમાં બેસેલા પોલીસ ઈન્સ્પેકટરો પૈકી કેટલાક વયનિવૃત્ત થઈ ગયા અને કેટલાકને ફરજીયાત નિવૃત્ત કરી દેવાયા છે, કલાસ-૧ ના પ્રમોશન પહેલા કોઈ ઈન્કવાયરી ન નડી જાય તેના માટે છેલ્લા સવા વરસથી અનેક પોલીસ ઈન્સ્પેકટરો બ્રાન્ચમાં સાઈડ પોસ્ટીંગ મેળવી લીધા છે. કેટલાક જિલ્લાઓમાં અનુભવી પીઆઈઓ ની અછત હોવાથી બઢતીની રાહમાં બેસેલા ઈન્સ્પેકટરોને ઈચ્છા વિરૂધ્ધ પોલીસ સ્ટેશનોમાં નિમણુંક આપવામાં આવી છે. એકઝીકયુટીવ પોસ્ટીંગ માટે ટેન્ડર ભરવા તૈયાર રહેતા કેટલાક પોલીસ ઈન્સ્પેકટરો ખુણામાં પડયા રહેવા મોટા સાહેબોને આજીજી કરી રહ્યા છે.

# ‘ગીર’ ફાઉન્ડેશન, ગાંધીનગર દ્વારા ‘આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ—૨૦૨૫’ની ઉજવણી કરાઈ

### “Feel the Roar, Heal the Fear” વાઘ અંગેની સામાન્ય સમજ મળી રહે તે માટે સંવાદ કાર્યક્રમ યોજાયો



વાઘ એ પ્રકૃતિનું ચૈતન્ય સર્જન છે, જે આહાર શ્રૃંખલા અને પર્યાવરણની સમતુલાનું એક અભિન્ન અંગ છે. આથી જ વાઘને ઘણી સંસ્કૃતિઓમાં એક મહત્વપૂર્ણ પ્રતિક તરીકે પસંદ કરવામાં આવ્યો છે.

વાઘના સંરક્ષણ અંગે જાગૃતિ લાવવા, વાઘના કુદરતી રહેઠાણને સંરક્ષિત કરવા દર વર્ષે ૨૯ જુલાઈના રોજ આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ (International Tiger Day) મનાવવામાં આવે છે. જેના ભાગરૂપે વન વિભાગ અંતર્ગત ‘ગીર’ ફાઉન્ડેશન, ગાંધીનગર ખાતે ‘આંતરરાષ્ટ્રીય વાઘ દિવસ—૨૦૨૫’ની ઉજવણી કરવામાં આવી હતી. ‘ગીર’ ફાઉન્ડેશનના નિયામક શ્રી આરાધના શાહુના માર્ગદર્શનમાં વાઘ સંરક્ષણના ઉદ્દેશને સાર્થક કરવા આ દિવસે ગાંધીનગર ખાતે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં “Feel the Roar, Heal the Fear” વાઘ અંગેની સામાન્ય સમજ મળી રહે તે માટે સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં અખંડાનંદ આયુર્વેદ કોલેજ, અમદાવાદના વિદ્યાર્થીઓ સાથે વાઘના પારિસ્થિતિકીય તંત્રમાં મહત્વની ભૂમિકા અને વાઘના સંરક્ષણ અંગે ચર્ચા કરવામાં આવી હતી. તે ઉપરાંત દિવસ દરમિયાન વિદ્યાર્થીઓને વિડિયો પ્રેઝન્ટેશનના માધ્યમથી વાઘ અંગે માહિતી આપવામાં આવી હતી. સાથેસાથે બિડાલ કુળના સૌથી મોટા અને કુદરતી વિરાસત એવા વાઘનું સંરક્ષણ-જતન કરવા ઉપસ્થિત સૌને અપીલ કરવામાં આવી હતી. આ પ્રસંગે ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનના વાઘ “બાંધવ” અને “બાંધવી”ને માટે ખાસ ફૂડ એનરીચમેન્ટ પ્રોગ્રામનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. તેમ, ગીર ફાઉન્ડેશન ગાંધીનગરની યાદીમાં જણાવાયું હતું.

- જનક દેસાઈ

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતા હેઠળ ગાંધીનગર ખાતે યોજાશે રાજ્ય કક્ષાનો “પીએમ કિસાન ઉત્સવ દિવસ”

### સમારોહમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશના ખેડૂતો સાથે વર્ચ્યુઅલ સંવાદ કરીને સંબોધન પણ કરશે

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરક ઉપસ્થિતિમાં ઉત્તરપ્રદેશના વારાણસી ખાતે રાષ્ટ્રીય કક્ષાનો “પ્રધાનમંત્રી કિસાન ઉત્સવ દિવસ” કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમના માધ્યમથી વડાપ્રધાનશ્રી દેશના ખેડૂતો સાથે સંવાદ કરીને સંબોધન કરશે તેમજ ખેડૂતો માટે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ (PM-KISAN) યોજનાનો ૨૦મો હપ્તો રિલીઝ કરશે.

જે અનુસંધાને ગાંધીનગર ખાતે પણ તા. ૦૨ ઓગસ્ટના રોજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને રાજ્ય કક્ષાનો “પ્રધાનમંત્રી કિસાન ઉત્સવ દિવસ” કાર્યક્રમ યોજાશે. જ્યારે, કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલના અધ્યક્ષ સ્થાને રાજકોટ ખાતે જિલ્લા કક્ષાનો સમારોહ યોજાશે. રાજ્ય અને જિલ્લા કક્ષાના સમારોહમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ખેડૂતોને લાઈવ ટેલીકાસ્ટના માધ્યમથી વર્ચ્યુઅલ સંબોધન કરશે.

કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલે આ સંદર્ભે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે **PM KISAN** યોજનાના ૨૦માં હપ્તા પેટે સમગ્ર દેશના ૯.૭ કરોડથી વધુ ખેડૂતોને રૂ. ૨૦,૫૦૦ કરોડથી વધુની સહાય વિતરણ કરવામાં આવશે. જે પૈકી ગુજરાતના આશરે ૫૨.૧૬ લાખથી વધુ ખેડૂત પરિવારોને રૂ. ૧,૧૧૮ કરોડથી વધુની સહાય સીધી તેમના બેંક ખાતામાં જમા કરવામાં આવશે.

રાજ્ય કક્ષાના સમારોહમાં મુખ્યમંત્રીશ્રીના હસ્તે પીએમ કિસાન સમ્માન નિધિ યોજનાના લાભાર્થીઓ ઉપરાંત કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાના લાભાર્થી ખેડૂતોને સહાય વિતરણ તેમજ પ્રગતિશીલ ખેડૂતોને સન્માનિત કરવામાં આવશે.

આ ઉપરાંત ગુજરાતના દરેક જિલ્લામાં પણ “પીએમ કિસાન ઉત્સવ દિવસ”નું આયોજન કરવામાં આવ્યું છે. જ્યારે, રાજ્યની ગ્રામ પંચાયતો અને ૩૦ કૃષિ વિજ્ઞાન કેન્દ્રો ખાતે પણ આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. રાજ્યભરમાં યોજાનાર આ કાર્યક્રમોમાં રાજ્ય મંત્રી મંડળના સભ્ય, સાંસદશ્રી અને ધારાસભ્યશ્રી સહિતના પદાધિકારી-અધિકારીશ્રીઓ ઉપરાંત આશરે ૨.૫ લાખથી વધુ ખેડૂતો ઉપસ્થિત રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પીએમ-કિસાન યોજના અંતર્ગત અત્યાર સુધીમાં ભારતના કુલ ૧૧ કરોડથી વધુ ખેડૂત પરિવારોને અત્યાર સુધીમાં ૧૯ હપ્તાના માધ્યમથી કુલ રૂ. ૩.૬૯ લાખ કરોડની સહાય આપવામાં આવી છે. જે અન્વયે ગુજરાતના લાભાર્થી ખેડૂત પરિવારોને ૧૯ હપ્તાના માધ્યમથી અત્યાર સુધીમાં કુલ રૂ. ૧૯,૯૯૩ કરોડથી વધુની સહાય સીધી તેમના બેંક ખાતામાં ચૂકવવામાં આવી છે.

- નિતિન રથવી

# સિદ્ધપુરમાં GSRTC દ્વારા ત્રણ નવી આધુનિક બસોની શરૂઆત કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

આજરોજ સિદ્ધપુરથી ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન (GSRTC) દ્વારા ત્રણ નવી આધુનિક બસોનું લોકાર્પણ કેબિનેટ મંત્રી બલવંતસિંહ રાજપૂતના હસ્તે ફ્લેગ ઑફ કરીને કરવામાં આવ્યું છે. હવે સિદ્ધપુરથી માતાનોમઢ, ભુજ અને સંતરામપુર રૂટ પર નવી અને સુવિધાસંપન્ન બસો દોડશે, સિદ્ધપુરથી માતાનોમઢ, ભુજ અને સંતરામપુર સુધીના પહેલાંથી ચાલી રહેલા રૂટ પર હવે નવી અને આધુનિક બસો ચાલશે, જેના કારણે મુસાફરોને વધુ આરામદાયક અને સુરક્ષિત મુસાફરીનો અનુભવ મળશે. ખાસ કરીને રોજિંદા ધંધા-રોજગાર, અભ્યાસ અને ધાર્મિક પ્રવાસ માટે મુસાફરી કરતા લોકોને વધુ લાભ થશે. તેમના માટે આ નવી બસો વધુ ઉપયોગી સાબિત થશે.


## પશ્ચિમ રેલ્વે

### વિવિધ કાર્યો

સિનિયર ડેન (સાઉથ) એમએમસીટી, મુંબઈ - 400008, ક્રમ નં. 1 ને આમંત્રણ આપે છે. ટેન્ડર સૂચના નં. BCT/25-26/169, તા. 29.07 .2025. કાર્ય અને સ્થાન: ચર્ચગેટ - વિરાર વિભાગ: ચર્ચગેટ - વિરાર ઉપનગરીય વિભાગમાં રોબોટિક વેલ્ડીંગ ટેકનોલોજીનો ઉપયોગ કરીને સીટુ સીએમએસ ક્રોસિંગનું રિકન્ડિશનિંગ. કામનો અંદાજિત ખર્ચ: રૂ. 1,38,78,753. EMD: રૂ. 2,19,400/- ક્રમ નં. 2. ટેન્ડર સૂચના નં. BCT/25- 26/170, તા. 29.07.2025. કાર્ય અને સ્થાન: જૂના કંટ્રોલ ટાવરને તોડી પાડવાના સંદર્ભમાં અંધેરી યાર્ડનું રિમોડેલિંગ. કામનો અંદાજિત ખર્ચ: રૂ. 13,12,530.75. EMD: રૂ. 26,300/-. બંને ટેન્ડર રજૂ કરવાની તારીખ અને સમય: તા. 26.08.2025 ના 15:00 કલાક સુધી. બંને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: તા. 26.08.2025 ના રોજ 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો. 0451

અમને લાઈક કરો: facebook.com/WesternRly

# ગુજરાત ગેસ દ્વારા સીએનજીના ભાવમાં પ્રતિ કિલો રૂપીયા ૧નો ભાવવધારો

પ્રતિનિધિ,ગાંધીનગર

કેન્દ્ર સરકારે નેચરલ ગેસની કિંમતમાં વધારો કરતા જ હવે આગામી સમયમાં પીએનજી સહિતના ગેસના ભાવમાં વધારો થનાર છે. જેમાં ગુજરાતમાં રાજય સરકારની કંપની ગુજરાત ગેસ દ્વારા આજે તા. ૧ ઓગસ્ટ થી અમલમાં આવે તે રીતે વાહનો માટેના સીએનજીના ભાવમાં પ્રતિ કિલો રૂપીયા ૧ નો વધારો કરી દેવામાં આવ્યો છે. તેના પગલે અદાણી ગેસ પણ હવે ભાવવધારો કરે તેવા સંકેત છે. સીએનજીનો નવો ભાવ રૂપીયા ૮૦.૨૬ પ્રતિકિલો થયો છે,




કેન્દ્ર સરકારે ગઈ કાલે જ નેચરલ ગેસના જથ્થાબંધ ભાવ ૭.૦૨ ડોલર પ્રતિ મીલીયન બ્રિટીશ ફર્મલ યુનિટ જાહેર કર્યો છે. અને તેના પરીણામે આ ભાવવધારો આવ્યો હોય તેવુ માનવામાં આવે છે જેમાં સીએનજીના ભાવ વધી ગયા છે અને ગુજરાત ગેસ કે જે રાજયમાં પાઈપ લાઈન મારફતે રાંધણ ગેસ પુરો પાડે છે. તેના ભાવ પણ વધશે તેવા સંકેત છે, આ ગેસ ભાવવધારાના કારણે હવે વાહનોમાં વપરાતો સીએનજી મોંઘો બનતા ખાનગી વાહન ચાલકો ઉપરાંત જાહેર ટ્રાન્સપોર્ટના વાહનો કે જે સીએનજી થી ચાલે છે. તેને પણ વધારાનો ખર્ચ ભોગવવો પડશે. સૌથી મહત્વનુ એ છે કે શાળાઓના બાળકોને લઈ જતી રીક્ષા અને સ્કુલ વાહનો કે જે સીએનજી પર દોડે છે ત્યાં પણ ભાવવધારો લાગુ થતા તેનો ટ્રાન્સપોર્ટેશન ખર્ચ વધશે. આ ઉપરાંત ખાનગી ટેકસી સેવા પણ મોંઘી થવાનો સંકેત છે.

# વિરમગામ ભાજપમાં જુથવાદ વકર્યોઃ ધારાસભ્ય હાર્દિક પટેલ અને ભાજપ મહામંત્રી આમને સામને

**હર્ષદ ઠકકરે ગર્ભીત રીતે હાર્દિક પટેલ પર નિશાન તાકી કહ્યુ બધા જ કોર્પોરેટર ખરાબ નથી હોતા અને અમે આજના બીજેપીમા નથી પરંતુ ૩૮ વરસથી ભાજપમાં છીએ**

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદ જિલ્લાની વિરમગામ વિધાનસભામાં ભારતીય જનતા પાર્ટીમાં આંતરીક વિવાદ ચરમસીમાએ પહોચ્યો છે. થોડા સમય અગાઉ વિરમગામના ધારાસભ્ય હાર્દિક પટેલે સ્થાનિક કોર્પોરેટરોથી નારાજગી વ્યકત કરી હતી, અને જાહેર મંચ પરથી આ બાબતે ટીપ્પણીઓ કરી હતી હવે તેમની આ ટીપ્પણીઓ પર ભાજપના મહામંત્રી હર્ષદ ઠકકરે સોશીયલ મીડીયામાં એક પોસ્ટ લખીને પલટવાર કર્યો છે.

મહત્વનુ છે કે આ પોસ્ટમાં હર્ષદ ઠકકરે ગર્ભીત રીતે હાર્દિક પટેલ પર નિશાન તાકીને જણાવ્યુ છે કે બધા જ કોર્પોરેટર ખરાબ નથી હોતા, અને અમે આજના બીજેપીમાં નથી, પરંતુ ૩૮ વરસથી ભાજપમાં છીએ, આનાથી સ્પષ્ટ થાય છે કે વિરમગામ ભાજપમાં ફરી એકવાર જુથવાદ વકર્યો છે. ધારાસભ્ય અને ભાજપના મહામંત્રી આમને સામને આવી ગયા છે. આ વિવાદની



શરૂઆત ત્યારે થઈ જયારે વિરમગામના ધારાસભ્ય હાર્દિક પટેલે ટાવર લાઈબ્રેરીના ઉદ્દઘાટન પ્રસંગે સ્થાનિક કોર્પોરેટરો પર નારાજગી વ્યકત કરી હતી તે સમયે તેમણે સ્પષ્ટ કહ્યુ હતુ કે આ ૨૮ ભાજપના કોર્પોરેટરમાંથી એતિહાસિક શાન ગણાતા ટાવરના લોકાર્પણમાં કેટલા હાજર રહ્યા ? તેમણે ઉમેર્યુ હતુ કે આ વિરમગામની શાન હોવા છતાં કોર્પોરેટરોને આવવુ ગમતુ નથી, અને જો બીજી પાર્ટીઓ પણ સારૂ કામ કરતી હોય તો સંયુકત રીતે આવવુ જોઈએ, પરંતુ તેઓ આવતા નથી. હાર્દિક પટેલે એવો પણ આક્ષેપ કર્યો હતો કે ગામમાં સારૂ ન થાય, ગામમાં વિકાસ ન થાય એટલે મુળ બધાએ બાજવાનુ નકકી અંદરો અંદર કરી લીધેલુ છે. તેમની આ ટીપ્પણીઓથી જ ભાજપમાં આંતરીક ખેંચતાણ શરૂ થઈ ગઈ હતી.

હાર્દિક પટેલની ટીપ્પણીઓના જવાબમાં ભાજપના મહામંત્રી હર્ષદ ઠકકરે સોશીયલ મીડીયા પોસ્ટ દ્વારા જડબાતોડ જવાબ આપ્યો તેમણે લખ્યુ કે કોઈ કાઉન્સિલરે ગટર જાતે નથી ઉભરાવી અને આવી ગેરવ્યાજબી વાત કરીને કાઉન્સિલરોને અપમાનીત કરવા અને અધિકારીને સન્માનિત કરવા કયારેય યોગ્ય નથી,ઠકકરે પોતાની પોસ્ટમાં પોતાની લાંબા સમયની રાજકીય કારકિર્દીનો ઉલ્લેખ કરતા જણાવ્યુ હતુ કે અમો પ્રજા વચ્ચે રહી ૩૮ વરસ ભાજપમાં રહી જાહેર જીવનમાં વિતાવ્યા છે. તેમણે એમ પણ કહ્યુ કે તેઓ પ્રથમ વખત મહામંત્રીની જવાબદારી નથી નિભાવી રહ્યા, અગાઉ બે વખત આ જ જવાબદારી નિભાવી ચુકયા છે અને તેમના ધર્મપત્ની પણ બે ટર્મ કાઉન્સિલર તરીકે રહી ચુકયા છે, અને ૧૭ વરસથી જિલ્લા ભાજપમાં મુખ્ય જવાબદારી નિભાવી રહ્યા છે. તેમણે ભારપૂર્વક જણાવ્યુ કે અમારા માટે પક્ષ મહાન છે વ્યકિત નહી, અને પંડીત દિનદયાળ ઉપાધ્યાય તથા શ્યામા પ્રસાદ મુખર્જીની વિચારધારાને લઈને ચાલનાર વ્યકિત જ મહાન હોઈ શકે. હાલની સ્થિતિ જોતા વિરમગામ ભાજપમાં સ્પષ્ટ પણે બે જુથો આમને સામને આવી ગયા છે. એક બાજુ ધારાસભ્ય હાર્દિક પટેલ છે જે સ્થાનિક કોર્પોરેટરોના કાર્યશૈલીથી નારાજગી વ્યકત કરી રહ્યા છે તો બીજી તરફ ભાજપના મહામંત્રી હર્ષદ ઠકકર છે. જે સોશીયલ મીડીયા દ્વારા હાર્દિક પટેલ પર સીધો પલટવાર કરી રહ્યા છે. આ આંતરીક જુથવાદ વિરમગામ ભાજપના સંગઠન અને આગામી રાજકીય ઘટનાક્રમ પર શું અસર કરશે તે જોવુ રસપ્રદ રહેશે.

# હાર્દિક પટેલે સરકાર સામે બાંયો ચડાવીઃ જરૂર પડશે તો ઉપવાસ આંદોલન કરીશ

પ્રતિનિધિ,ગાંધીનગર

વિરમગામના ભાજપના ધારાસભ્ય એ પોતાની જ સરકાર સામે ઉપવાસ પર ઉતરવાની ચીમકી ઉચ્ચારી છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર લખી વિરમગામ શહેરમાં ઉભરાતી ગટર તેમજ ઘરમાં આવતા ગંદા પાણીનુ કાયમી નિરાકરણ લાવવા અપીલ કરી છે.



જરૂર પડે તો ઉપવાસ આંદોલન કરવાની પણ ચીમકી ઉચ્ચારી છે. ભાજપના ધારાસભ્ય હાર્દિક પટેલનો ચિંતા, આક્રોશ અને વિનંતી સાથે મુખ્યમંત્રીને પત્ર લખ્યો છે, તેમણે વિરમગામમાં ઉભરાતી ગટરો અને ઘરમાં ગંદા પાણીને લઈને ઉપવાસ પર ઉતરવાની ચીમકી ઉચ્ચારી છે. વિરમગામ શહેરમાં ઉભરાતી ગટરો અને ઘરમાં ગંદા પાણી આવવા બાબતે મુખ્યમંત્રીને પત્ર લખ્યો છે. તેમણે પત્રમાં કહ્યુ છે કે જો આ સમસ્યાનુ નિરાકરણ નહી આવે તો અમારે પ્રજાની તકલીફ સાથે એક જનપ્રતિનિધિ તરીકે ખુલીને ઉભુ રહેવુ પડશે. જરૂર પડે તેમની સાથે સરકાર સામે ઉપવાસ આંદોલનમાં પણ જોડાવુ પડશે.

પ્રજાના આશીર્વાદથી ગુજરાતમાં સૌથી નાની ઉંમરના ધારાસભ્ય તરીકે ચુંટાઈને વિરમગામ વિધાનસભાના લોકોની સેવા કરવાનો અવસર મળ્યો છે. દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ તેમજ આપના નેતૃત્વમાં મારી વિરમગામ વિધાનસભામાં હજારો કરોડના કામો મંજુર થયા છે અને લગભગ કામો પ્રગતિ હેઠળ છે. વિરમગામ શહેરમાં બગીચા, લાઈબ્રેરી, ટાવર, તળાવનુ બ્યુટીફીકેશન સહિત અનેક વિકાસના કામોની શહેરના લોકોને ભેટ મળી છે. વિરમગામ શહેરના વિકાસ માટે લોકોએ સ્વયંભુ દબાણ હટાવવામાં પણ સાથ આપ્યો છે. પરંતુ વિરમગામ શહેરના લોકોની મારી પાસે મહત્વની એક અપેક્ષા હતી કે વિરમગામ શહેરના ગટરના પાણી ઉભરાવવાની જે સમસ્યા છે તેનુ કાયમી નિરાકરણ આવે પરંતુ કોઈક કારણોસર આ નિરાકરણ નથી આવી રહ્યુ, વિરમગામ શહેરમાં છેલ્લા કેટલાય વરસથી ઉભરાતી ગટરના કારણે એતિહાસિક વિરમગામ શરમ અનુભવી રહ્યુ છે. વિરમગામ શહેરના અનેક વિસ્તારોમાં ગટર ઉભરાઈ આવતા પાણી સાથે ગંદુ પાણી મિકસ થવુ અને સ્વચ્છતા બાબતે લોકોની ખુબ ફરીયાદો છે.

વિરમગામ શહેરના લોકો સાથે મારે આ બાબતે મજબુતાઈથી ઉભુ રહેવુ પડશે. લોકોને મારી પાસે આ બાબતે ખુબ અપેક્ષા છે. હું માનુ છુ કે વિરમગામ નગરપાલિકા પાસે કર્મચારીઓનો અભાવ છે પરંતુ પ્રજાની સમસ્યાનુ યોગ્ય નિરાકરણ નગરપાલિકાએ કરવુ જોઈએ એ નથી થઈ રહ્યુ, જે વિસ્તારમાં દબાણ હટાવવામાં આવ્યુ છે ત્યાં વિકાસના કામ પણ મંજુર થઈ ગયા છે, ટેન્ડર પણ અપાઈ ગયુ છે. છતાં કોન્ટ્રાકટરો દ્વારા કામ કરવામાં નથી આવી રહ્યું, આપ સાહેબ દ્વારા જે સ્ટ્રોમ વોટર ડ્રેનેજ તેમજ ૧૧ કેવી અંડર ગ્રાઉન્ડ લાઈનના કામનુ ભુમિ પુજન કર્યુ હતું. આજે તેના ૭ મહિના થયા પણ ૧ ટકા પણ કામ થયુ નથી, વિરમગામ શહેરના જે વિસ્તારોમાં ગટર ઉભરાય છે, ગંદુ પાણી મિકસ થાય છે તેનુ જલ્દી યોગ્ય નિરાકરણ લાવવામાં આવે અને જે કામો મંજુર થયા છે તે કામો ઝડપથી પુરા કરવામાં આવે તેવી વિનંતી છે. વિનમ્રતા સાથે જણાવવાનુ કે મારે પ્રજાની તકલીફ સાથે એક જનપ્રતિનિધિ તરીકે ખુલીને ઉભુ રહેવુ પડશે.

જરૂર પડે તેમની સાથે ઉપવાસ આંદોલનમાં પણ જોડાવુ પડશે અને લોકોનો જે ભરોસો છે તે કાયમ કરવો પડશે, આશા રાખુ છુ કે મારી અને વિરમગામ શહેરના લોકોની જે ચિંતા અને તકલીફ છે તે સમજશો અને ઝડપથી વિશેષ આયોજન સાથે ટીમ મોકલીને કાયમી નિરાકરણ કરી આપશો.

# મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સરકારને થશે મુશ્કેલીઓઃ પંચાયત ઓપરેટરો આગામી સમયમાં હડતાળ પર જશેઃ ગામોમાં વીસીઈ ની કામગીરી ખોરવાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત રાજય ગ્રામ પંચાયત કોમ્પ્યુટર સાહસિક ઓપરેટર મંડળ દ્વારા ઈ ગ્રામ સોસાયટી અને ગુજરાત સરકાર સમક્ષ ગ્રામ પંચાયત વિલેજ કોમ્પ્યુટર એન્ટર પ્રેન્યોર એટલે કે વીસીઈ ના વિવિધ પડતર પ્રશ્નોના નિરાકરણ માટે આવેદન પત્ર સુપ્રત કરવામાં આવ્યુ છે. અગાઉ પણ ઘણી વખત ઈ ગ્રામ સોસાયટીને પડતર પ્રશ્નોના નિરાકરણ માટે રજુઆતો કરવામાં આવી છે. પરંતુ કોઈ ઉકેલ લવાયો નથી. જેના પગલે હવે આગામી સમયમાં આંદોલનના મંડાણ કરવામાં આવ્યા છે.




મંડળ દ્વારા કરવામાં આવેલી રજુઆતમાં મહત્વનો પ્રશ્ન પગાર અને શોષણનો છે, મંડળની મુખ્ય માંગણી એ છે કે વીસીઈ ને પગાર ચુકવવામાં આવતો નથી. જયારે અન્ય કર્મચારીઓને પગાર મળે છે, જે સમાન કામ સમાન વેતન ના સિધ્ધાંતનો ભંગ છે. આ ઉપરાંત સમયસર કમિશન ન ચુકવીને વીસીઈ નુ શોષણ કરવામાં આવી રહ્યુ છે. મંડળે સરકાર સમક્ષ વીસીઈને પગાર ચુકવવા માટે જરૂરી કાર્યવાહી કરવા જણાવ્યુ છે કે ઈ ગ્રામ સોસાયટીના પત્રોનો જિલ્લા, તાલુકા અને ગ્રામ પંચાયત કક્ષાએ અનાદર થાય છે અને આર્મી ઈન્ફોટેક કંપનીના કર્મચારીઓ દ્વારા વીસીઈને હેરાનગતિ કરવામાં આવે છે. આવા જવાબદાર લોકો સામે પગલા લેવાની માંગણી કરવામાં આવી છે. ગ્રામ પંચાયત કક્ષાએ વીસીઈને નિયમો વિરૂધ્ધ છુટા કરવામાં આવે છે અને તાલુકા / જિલ્લા પંચાયત દ્વારા તેમને કોઈ ન્યાય મળતો નથી. જુના છુટા કરાયેલા વીસીઈને પરત લેવાની અને તેમની જગ્યાએ નવા વીસીઈને તાત્કાલીક છુટા કરીને જુના વીસીઈને ન્યાય આપવાની માંગણી પણ કરવામાં આવી છે. અનેક યોજનાઓનુ કામ કરે છે, તેમ છતાં તેમને સરકારી કર્મચારી ન હોવા છતાં રજાના દિવસે અને રાત્રે કામ કરવા માટે માનસિક ત્રાસ આપવામાં આવે છે.

આવેદન પત્રમાં મંડળે સ્પષ્ટતા કરી છે કે જો પ્રશ્નોનુ તાત્કાલીક નિરાકરણ નહી આવે અને તેમને ન્યાય નહી મળે, તો ગુજરાત રાજયના તમામ વીસીઈને ન્યાય મેળવવા માટે ઈ- ગ્રામ સોસાયટી સામે ગાંધી ચીંધ્યા માર્ગે ફરીથી લડત આપવાની ફરજ પડશે. આના ભાગરૂપે મંડળે જાહેરાત કરી છે કે આજે તા. ૧ ઓગસ્ટના રોજ ઈ ગ્રામ સોસાયટીના શોષણ સામે વિરોધ નોંધાવવા માટે એક દિવસ માટે તમામ કામગીરી બંધ રાખવામાં આવી છે.

### સાબરકાંઠા જિલ્લાના ચિઠોડા ગામના વતની અલ્પેશ સોલંકીએ બે પુત્રો સાથે કરી આત્મહત્યા

# શિક્ષક પિતાએ બે દિકરા સાથે જીંદગી ટુંકાવી : પતિને પંખે લટકતો અને બે બાળકોને બેડ પર મૃત હાલતમાં જોઈને પત્ની સ્તબ્ધ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં સામુહિક આપઘાતના બનાવોમાં ચિંતાજનક વધારો જોવા મળી રહ્યો છે. થોડા દિવસ અગાઉ જ અમદાવાદના બગોદરામાં લોનના હપ્તાથી કંટાળીને માતા પિતાએ પોતાના ૩ સંતાનો સાથે ઝેરી દવા ગટગટાવી આપઘાત કર્યો હોવાનો બનાવ બન્યો હતો. એવામાં જ આજે શુક્રવારે સુરતમાંથી જ વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે જેમાં શિક્ષક પિતાએ પોતાના બે સંતાનો સાથે આત્મહત્યા કરી લીધી છે.







મળતી માહિતી અનુસાર મુળ ઉત્તર ગુજરાતના સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકા ના ચિઠોડા ગામના વતની અલ્પેશ સોલંકી સુરત સ્થિત જિલ્લા પંચાયતના કવાર્ટસમાં પત્ની અને બે પુત્રો સહિતના પરીવાર સાથે રહેતા હતા.

અલ્પેશ સોલંકી ડીંડોલી વિસ્તારની એક સ્કુલમાં શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા. જયારે તેમના પત્ની જિલ્લા પંચાયતમાં કલાર્ક તરીકે ફરજ બજાવે છે. આજે શુક્રવારે અલ્પેશ સોલંકીએ પોતાના બે પુત્ર ક્રિશીવ(ઉ.વ.૮) અને કનીશ (ઉ.વ.૨) સાથે મળીને અગમ્ય કારણોસર આપઘાત કરી લીધો હતો. આ બાબતની જાણ થતા ઉમરા પોલીસ મથકનો કાફલો ઘટનાસ્થળે પહોચી ગયો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં આજે અલ્પેશ સોલંકી પત્નીનો ફોન રીસીવ ન હતા કરી રહ્યા, આથી પત્નીને કંઈક અજુગતુ થયુ હોવાનુ લાગતા, તેઓ તાત્કાલીક ઓફીસથી પોતાના કવાર્ટરમાં આવી ગયા હતા, જયાં તેમણે ઘરનો દરવાજો બંધ જોયો હતો. આથી પાડોશીઓની મદદથી દરવાજો તોડીને અંદર જઈને જોતા પતિ અલ્પેશ ગળે ફાંસો ખાધેલી હાલતમાં પંખે લટકી રહ્યા હતા. જયારે બેડ પર બે પુત્રોના મૃતદેહ પડયા હતા. જયાં નજીકમાં જ રેટ કીલર નામની ઝેરી દવા પણ મળી આવી હતી. આથી અલ્પેશ સોલંકીએ પહેલા બે સંતાનોને ઝેરી દવા પીવડાવીને મોતને ઘાટ ઉતાર્યા બાદ પોતે ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો હોવાનુ પ્રાથમિક અનુમાન છે. અત્યારે એફએસએલની ટીમે પણ ઘટનાસ્થળે પહોચીને સેમ્પલ લીધા હતા. જયારે ત્રણેય મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી અપાયા હતા. જેનો રીપોર્ટ આવ્યા બાદ મોતનુ ચોકકસ કારણ બહાર આવશે. હાલ તો પોલીસે પરીવારજનોની પુછપરછ કરવા સહિત આગળની દિશામાં કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પત્નીની અફેરના કારણે આખો પરીવાર પીંખાયો : ૪૦૦ પાનાની ડાયરીમાં નિતરતું દર્દ

પ્રતિનિધિ,ગાંધીનગર

સુરતમાં શિક્ષક પરીવારના સામુહિક આપઘાતના કેસમાં થયો મોટો ખુલાસો જેમાં પત્ની ફાલ્ગુનીના આડા સંબંધોથી કંટાળી અલ્પેશે પોતાના બે પુત્રો સાથે મોતની વ્હાલુ કર્યુ હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. ફાલ્ગુનીના મોબાઈલમાંથી અમુક ચેટ અને વિડીયો મળી આવ્યા હતા જે જોઈને અલ્પેશને આઘાત લાગ્યો હતો. સુરતની આ કરૂણ ઘટનાએ સમગ્ર ગુજરાતને હચમચાવી દીધુ છે.



પત્નીની બેવફાઈને પતિએ શબ્દોમાં વર્ણવી છે. પતિની એક ૪૦૦ પાનાની ડાયરી પણ મળી આવી છે. જેમાં એક એક શબ્દમાં વ્યથા અને લાચારી નિષ્પન્ન થાય છે. ઘટનાસ્થળેથી અલ્પેશે લખેલી સ્યુસાઈડ નોટ પણ મળી આવી છે. અલ્પેશ પોતે શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા હતા, જયારે પત્ની ફાલ્ગુની જિલ્લા પંચાયતમાં સીનીયર કલાર્ક તરીકે ફરજ બજાવે છે. અલ્પેશ અને ફાલ્ગુનીના બંનેના પિતા પોલીસકર્મી હોવાથી બંને પોલીસ લાઈનમાં રહેતા હતા. બંને વચ્ચે પ્રેમ સંબંધ બંધાતા બંનેએ પરીવારની મંજુરીથી ૧૦ વર્ષ અગાઉ પ્રેમ લગ્ન કર્યા હતા, પણ છેલ્લા કેટલાક સમયથી પતિ પત્ની વચ્ચે અણબનાવ હોવાનુ અલ્પેશના પરીવારજનોનુ કહેવુ છે. આડા સંબંધો બાબતે ઘણીવાર સમજાવવા છતાં ફાલ્ગુની ન સુધરતા અલ્પેશે દિકરાઓ સાથે આપઘાતી પગલુ ભર્યાનુ બહાર આવ્યુ છે. અલ્પેશે પોતાના ૨ વરસના અને ૮ વરસના બાળકને ઉંદર મારવાની ઝેરી દવા સોફટડ્રીંકસ નાખીને પીવડાવી હતી, બાળકોના મોત બાદ તેની લાશ પલંગ પર મુકી દીધી હતી, આસપાસ બાળકોના ફોટા મુકયા હતા અને બાદમાં પંખા સાથે ગળે ફાંસો ખાઈને પોતે આપઘાત કરી લીધો હતો. હવે પોલીસે ફાલ્ગુની સામે તપાસ શરૂ કરી છે. પતિ અલ્પેશ પત્નીના સહકર્મી સાથેના અફેરથી તુટી ગયા હતા. અલ્પેશે પત્નીને સમજાવવાની પણ ઘણી કોશિષ કરી હતી. પરંતુ પત્નીએ તેમની વ્યથાને અવગણી હતી. આખરે અલ્પેશે પોતાની જાતને નિઃસહાય અને લાચાર અનુભવતા આખરે જીંદગી ટુંકાવવાનો નિર્ણય લીધો, આડા સંબંધમાં મગ્ન પત્નીના હવાલે બાળકો છોડવા કરતા તેમણે બાળકોને પણ સોફટડ્રીંકસ માં ઝેરી પીવડાવ્યુ અને બાદમાં પોતે પણ સ્યુસાઈડ કરી લીધુ, ઉલ્લેખનીય છે કે અલ્પેશ લાઈફ જર્નિની ડાયરી લખતા હતા. જેમની આ રોજની સીમા સમગ્ર ઘટના વર્ણવવામાં આવી છે.

### દિલ્હી ખાતે ગુજરાતના પ્રભારી અને સંગઠન મંત્રી વચ્ચે મહત્વપૂર્ણ બંધ બારણે બેઠક યોજાઈ

# ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખની એક અઠવાડીયામાં જાહેરાત થવાની શકયતાઃ દિલ્હીમાં યોજાઈ બંધ બારણે બેઠક

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ ની નિમણુંકનો હવે અંત આવી જશે, ગુજરાત રાજયને ચાલુ મહિનાના એક અઠવાડીયામાં નવા પ્રદેશ પ્રમુખ મળી શકે છે. તાજેતરમાં દિલ્હી ખાતે પ્રદેશ પ્રભારી અને સંગઠન મંત્રી વચ્ચે મહત્વપૂર્ણ બેઠકનુ બંધ બારણે આયોજન કરવામાં આવ્યુ હતું. આ બેઠક સંગઠનના બદલાવને લઈને યોજાઈ હોવાનુ સુત્રો જણાવી રહ્યા છે. કહેવાય છે કે હાલમાં ગુજરાતમાં સંગઠન અને સરકાર વચ્ચે અંતર વધી રહ્યુ છે. ભાજપમાં આંતરીક જુથબંધી વકરી છે. તો બીજી તરફ ધારાસભ્યો



ના કામો મંત્રીઓ કરતા નથી. તો બીજી તરફ મંત્રીઓ પણ અંદર ખાને કામ કરવા બાબતે ઝઘડી રહ્યા છે જેને કારણે પ્રજાના કામો ખોરંભે પડી જતા હવે ભાજપે પણ પ્રદેશ પ્રમુખ માટે નુ બીડુ ઝડપી લીધુ છે. ત્યારે હવે આગામી એક અઠવાડીયામાં ગુજરાતના રાજકારણમાં મોટા બદલાવ આવવાની શકયતાઓ હાલમાં જણાઈ રહી છે.

ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ તરીકેની જવાબદારી હાલ કેન્દ્રીય મંત્રી સીઆર પાટીલ નિભાવી રહ્યા છે. તેમના કાર્યકાળને ૫ વરસ વીતી ગયા છે. લોકસભાની ચુંટણી બાદ જ ગુજરાત ભાજપના સંગઠનમાં નવા ફેરફાર થવાની ચર્ચાઓએ જોર પકડયુ હતુ. જો કે ત્યારથી લઈને આજદીન સુધી અટકળોનુ બજાર ગરમ રહ્યુ છે. આ વચ્ચે ગુજરાત પ્રદેશ ભાજપ સંગઠનને લઈને મહત્વના સમાચાર મળી રહ્યા છે. સુત્રોના કહેવા પ્રમાણે ઓગસ્ટ મહિનાના પ્રથમ અઠવાડીયે ગુજરાતને નવા પ્રદેશ પ્રમુખ મળી શકે છે. તાજેતરમાં દિલ્હી ખાતે ગુજરાતના પ્રદેશ પ્રભારી ભુપેન્દ્ર યાદવ અને સંગઠન મંત્રી બી એલ સંતોષ વચ્ચે બંધ બારણે બેઠક યોજાઈ હતી.જેમાં ભાજપ સંગઠનમાં બદલાવને લઈને મહત્વપૂર્ણ ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવી હતી. સુત્રોના કહેવા પ્રમાણે પ્રદેશ પ્રમુખની જાહેરાત બાદ જિલ્લા સ્તરે સંગઠનના મહત્વપૂર્ણ હોદાઓ પર નિમણુંકો કરવામાં આવશે. આ પદાધિકારીઓ માટે આગામી સમયમાં યોજાનાર પાલિકાની ચુંટણીમાં સારૂ પ્રદર્શન કરવાની મોટી જવાબદારી હશે.